


પુસ્તક ૨ જું.] ભાદ્રપદઃ વીર સંવત ૨૪૬૮ [ અંક ૧૧



તંત્રી :
લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ.

પ્રકાશક :
ભોગીલાલ સાંકળચંદ શેઠ.

## પંચાંગ.

વદિ ૧૦ બે
સુદિ ૧ ક્ષય

| તિથિ | વાર | તારીખ |
|---|---|---|
| વ૧૧ | શુક્ર | ૨૫ |
| ૨ | શનિ | ૨૬ |
| ૩ | રવિ | ૨૭ |
| ૪ | સોમ | ૨૮ |
| ૫ | મંગળ | ૨૯ |
| ૬ | બુધ | ૩૦ |
| ૭ | ગુરૂ | ×૧ |
| ૮ | શુક્ર | ૨ |
| ૯ | શનિ | ૩ |
| ૧૦ | રવિ | ૪ |
| ૧૦ | સોમ | ૫ |
| ૧૧ | મંગળ | ૬ |
| ૧૨ | બુધ | ૭ |
| ૧૩ | ગુરૂ | ૮ |
| ૧૪ | શુક્ર | ૯ |
| ૦)) | શનિ | ૧૦ |
| સુ૨ | રવિ | ૧૧ |
| ૩ | સોમ | ૧૨ |
| ૪ | મંગળ | ૧૩ |
| ૫ | બુધ | ૧૪ |
| ૬ | ગુરૂ | ૧૫ |
| ૭ | શુક્ર | ૧૬ |
| ૮ | શનિ | ૧૭ |
| ૯ | રવિ | ૧૮ |
| ૧૦ | સોમ | ૧૯ |
| ૧૧ | મંગળ | ૨૦ |
| ૧૨ | બુધ | ૨૧ |
| ૧૩ | ગુરૂ | ૨૨ |
| ૧૪ | શુક્ર | ૨૩ |
| ૧૫ | શનિ | ૨૪ |

× ઓકટો. ૩૧

## વાર્ષિક લવાજમ.] વિષય-દર્શન. [રૂપિયા, અઢી.

## ભાદરવો,-આસો વિ. સં. ૧૯૯૮.


| વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|
| "સવૈયા એકત્રીસા'. | મુનિશ્રી રામવિજયજી. | ૩૩૭ |
| **श्री आदिनाथ चरित्र पद्य.** | **जैनाचार्य श्री जयसिंहसूरीजी.** | ૩૩૮ |
| **॥ शीलकुलकम् ॥** | **जैनाचार्य श्री विजयपद्मसूरीजी.** | ૩૩૯ |
| મહાવીર સ્તવન. | કાન્તિલાલ મોહનલાલ ત્રિવેદી. | ૩૪૧ |
| શ્રી સિદ્ધચક્રની તાત્ત્વિક ભાવના. | જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરીજી. | ૩૪૨ |
| " પ્રશ્નોતર કલ્પલતા." | જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરીજી. | ૩૪૫ |
| શ્રી વિર જિણુંદ-સ્તવનમ્. | મુનિશ્રી સુશીલવિજયજી. | ૩૪૭ |
| "ધર્મ્ય વિચાર." | ઉપાધ્યાયશ્રી સિદ્ધિમુનિજી. | ૩૪૮ |
| **शास्त्र सम्मत मानव धर्म और मूर्तिपूजा.** | **मुनिश्री प्रमोदविजयजी (पनालालजी)** | ૩૪૯ |
| અર્હત દર્શન અને ઇશ્વર. | મણીશંકર કાળીદાસ વૈદ્યશાસ્ત્રી. | ૩૫૩ |
| **" साच धर्म"** | **जैनाचार्य श्री विजययतीन्द्रसूरीजी.** | ૩૫૫ |
| **चटपटी अजब मीठाईका स्वाद चाखीये** | મુનિશ્રી ભદ્રાનંદવિજયજી. | ૩૫૭ |
| પ્રથમ કર્મગ્રંથ પદ્યાનુવાદ સહિત. | મુનિશ્રી દક્ષવિજયજી. | ૩૫૯ |
| "છેલ્લું સંવેદન" | સધાણી બાપુલાલ કાળીદાસ. | ૩૬૧ |
| જૈન યુવક સંઘોની જરૂર. | " | ૩૬૩ |
| "સજોડે સ્વાર્પણ." | " | ૩૬૫ |
| ભાગાકાર ગુણાકાર. | " | ૩૬૭ |
| પર્વાધિરાજ-આરાધના. | તંત્રી | ૩૬૯ |
| જગદ્ગુરૂ જયંતિ મહોત્સવ. | તંત્રી | ટા. પૃ. ૩ |


વદિ ૩ રવિ, પન્યાસશ્રી વિરવિજયજી મહારાજ નિર્વાણ દિન.
વદિ ૬ બુધ, શ્રી રોહિણી દિન.
વદિ ૦)) શનિ, શ્રી નેમિનાથ કેવલદિન.

સુદિ ૭ શુક્ર, આયંબિલ ઓળી પ્રારંભ દિન.
સુદિ ૧૫ શનિ, શ્રી નમિનાથ ચ્યવન દિન અને આયંબિલ ઓળી સંપૂર્ણ દિન.

દ્વારાઃ-વિજયનીતિસૂરિ જૈન પુસ્તકાલય, ગાંધીરોડ, અમદાવાદ.

# જૈનધર્મ વિકાસ.

પુસ્તક ૨ જું.　　ભાદ્રપદ, સં. ૧૯૯૮.　　અંક ૧૧ મો.

રચયિતાઃ-મુનિશ્રી રામવિજયજી. (ખંભાત)
પૂ. આ. વિજયનેમિસૂરિશ્વિર પ્રશિષ્ય.

(સવૈયા એકતીસા)

રત્નદ્વિપે દેશ ઘણેરાં, અનુપમ નામે નગર વિશેષ,
ધનવંતા જ્યાં શેઠ વડેરા, નીતિનિપુણ હતા અશેષ;
શેઠ સુજનમાં લક્ષ્મીધરને, કમલવતી નામે છે નાર,
રૂપ ગુણથી ઉજ્વલ વર્ણે, શીલ ગુણ તણો ભંડાર. (૧)
રત્નચંદ ને હરીચંદ નામે, ગુણચંદ્ર નામે ત્રીજા પુત્ર,
ચોથા પુત્ર વૃદ્ધિચંદ ઠામે, રૂડા ચલાવે ઘરના સુત્ર,
એકેક શ્રેષ્ઠિ એકેક પુત્રને, આપે એકેકી કન્યા સાર,
પરણાવે બહુ મહોત્સવ યત્ને, મનમાં હર્ષતણો નહિં પાર. (૨)
પ્રથમ પુત્રને કંચન ગૌરી, પરણાવી બહુ મહોત્સવ સાથ,
બીજા પુત્રને રૂપ ગુણ ધરતી, રૂપવતી પરણાવે હાથ;
ત્રીજા પુત્રને મનમાં ગમતી, મનોહરા નામે છે નાર,
ચોથા પુત્રના દિલને હરતી, સરસ્વતી કલા ભંડાર. (૩)
લક્ષ્મીધર શેઠ મનમાં ધરતા, ધનવંત લોકો કુબેર કહંત,
દેશાંતરમાં વ્યાપાર કરતાં, ધન તણો નહિ આવે અંત;
સરલ સ્વભાવી મન પસ્તાવે, કલિયુગ તણો નહિ પ્રપંચ,
માયાવી પુત્રો વિરચાવે, સ્વાર્થે કરવા કામનો સંચ. (૪)
વૃદ્ધ થતાં પેઢીના ભારો, સોંપે પ્રત્યેક પુત્ર શીર,
ધન સંપત્તિ વહેંચી આપે, વિશ્રાંતિ લેતાં તે ધીર;
એક કોડી કાણી તે પાસે, રાખે શેઠ નહિં હજુર,
સ્વાર્થી પુત્રો સ્વારથ સાધે, વિનય વિવેકો નાસે દૂર. (૫)
પુત્ર ચારનું પુત્ર વધુથી, વશવર્તી જીવન જણાય,
વૃદ્ધ પિતા તે કર્મ સંયોગે, ભોજન સારૂં નહિં પમાય;
રહેવા માટે ઘરના ખુણે, આપે કોટડી નિર્વિવેક,
માંકડ ચાંચડ જુઆ પુરા, નિંદરડી ન આવે છેક. (૬)

(અપૂર્ણ)

## ॥ श्री आदिनाथ चरित्र पद्य ॥

( जैनाचार्य श्री जयसिंहसूरीजी तरफथी मळेलुं. )
( ગતાંક પૃષ્ઠ ૩૦૫ થી અનુસંધાન. )

स्वर्ण जंघ तब अतिसुख माना, पुत्र जन्म सुनकर निज काना ॥
हर्षित नाम करण पुनि कीना, वज्रजंघ नाम धर दीना।
इधर ललितकी सुन्दर नारी, तप अरु धर्म करत सुखकारी ॥
बहुत दिवस बीते इहि भांती, इहिविधि पुनि वह पाइ क्षांती।
चव्यी होय जन्मी वही द्वीपा, ललितदेव जन्मा तेहि द्वीपा ॥
नगरी पुन्डरिकिणी सुहावा, वज्रसेन राजा घर आवा।
कन्या जन्म सुन नृप हर्षावा, राणी गुणवती कन्या जावा ॥
श्रीमती नाम तुरत धर दीना, हर्षित नृप अति मंगल कीना।
चंद्रकला सम बढ़ती बाला, पुनि योवन पाया मतवाळा ॥

एक समयके मायने, महल तो भद्रा माय।
चढ़कर जोवे श्रीमती, नभ विमान उडवाय ॥

देह माय पुनि उपजा ज्ञाना, हाल सबहीं पूर्व कर जाना।
यही हाल पूर्व भव देखा, युगंधर मुनिवर ज्ञानभिषेखा ॥
बेठ विमान देव तहं आये, वहि विमान पुनि यहीं दिखाये।
ज्ञान पाय जीनां सब माया, केवली हुए यहां मुनिराया ॥
अहो पूर्वकर मम पतिदेवा, कवहुं मिले मुझ पतिपद सेवा।
कवन देस जन्मे मम नाथा, अब में किन विध होउं सनाथा ॥
जब तक नहीं पति दर्शन पाउं, तबतक मूक बोल विसराउं।
इमि मन बन मूक भइबाला, कर उपचार हो दुखी भूआला ॥
व्याध मिटी नहीं हारे राजा, ठीक दवा बिन रोगन भाजा।
काम पड़े लिखकर समझावे, यहि विधि कन्या अति दुख पावे ॥

एक समय वह बालिका, आइ क्रीडाद्यान।
अवसर जान एकांतका, बोली धाय सुजान ॥

सुनहु राजकन्या मम बाता, दुखकी मुझे कहो सब साता ॥
तुम दुखमें मुझको दुख भारी, सत्य कहुं अय राजकुमारी।
बिन उपाय दुख टरे न टारा, कहत बात होवे उपचारा ॥

रोगी हाल वद्य सन भाके, तिमि सब हाल कहा तिन आगे।
पंडिता धाय लिखा सब हाळा, लिख कर गुप्त किया तेहि काळा ॥
वज्रसेन नृप जन्म दिन, आय गया तेहि काल।
करन महोत्सव नृपनको, बुलवाये महिपाल ॥
आये राजकुमार, सब विधि साज सजायकर।
पंडिता किया विचार, सबको यह दिखलावणा ॥
श्रीमती कर पूर्व भव चित्रा, सबहि दिखाया दासी पंडिता।
देख सबहिं वह चित्र सराहा, दुर्दंतिकुंवर तब कपट बनावा ॥
देख चित्र मूर्छित हो जावा, पुनि मुख चिंतायुत बनवावा।
पंडिताने यह हाल पिछाना, तब तिन पूछा निज मनमाना ॥
कवन बात तुम मूछित भयऊ, तब तिन चित्र पूर्वभव कह्यऊ।
तब पंडिता पूछत सब बाता, ते सुन कपटी अति घबराता ॥
मुनिवर नाम न जाना नीचा, तासे सबहीं खुली कपटीचा।
तब पंडिता एक युक्ति बनाई, ताहि नारी लूली बतलाई ॥
तुमरे विरह बहुत दुख पावा, तबहिं मित्र तिन बहु समझावा।
लज्जा पाय तुरत चल दीना, मलत हाथ अज्ञान प्रवीना ॥
लोहागल नृपके कुंवर, आय गया तेहि काल।
चित्र देख अति दुःखमे, हुआ हाल बेहाल ॥
पंडिता पुनि उपचार करावा, तासे कुंवर सुधबुध में आवा।
पुनि तिनसों इमि पूछन लागी, किमि मूर्छित तुम हुए सोभागी ॥

(अपूर्ण)

---

## ॥ शील–कुलकम् ॥

रचयिताः–जैनाचार्य श्री विजयपद्मसूरिजी.

( ગતાંક પૃષ્ઠ ૩૦૬ થી અનુસંધાન. )

जीवो तास थिरो णो–चएइ णो निरसभोयणं भिक्खुं ॥
जो तं कामं जोगा–णिम्मलहेऊण विजएज्जा ॥१०४॥
दुहिओ जाओ मुंजो–नारीए तज्जिओ तहिं हेऊ ॥
कामो कुडिला नारी–खणरत्ता खणविरत्ताओ ॥१०५॥

सरिअ व्व नीअगमणा-कस्स वि रमणी कयावि णो जाया ॥
ते चेव सुही भुवणे-जे रामासंगपरिहारी ॥१०६॥
निव्वाणगमणणाणी-धरंति सीलं पहू वि जह मल्ली ॥
णेमी ता पालिज्जा-सामण्णा तत्थ किं चोज्जं ॥१०७॥
जुत्तीहिं सीलवई-सीलं पालीअ विप्पपमुहाणं ॥
उइअं दाही सिक्खं-पडिबोही अंगणा जंबू ॥१०८॥
राईमईइ विहिओ-दढो चरित्तम्मि साहुरहणेमी ॥
सिक्खाहिं पवराहिं-सा चउसयवरिसगिहवासा ॥१०९॥
छउमत्थत्तिगवासा-पंचवरिससयपमाणकेवलिया ॥
सिद्धा पुण्णिक्कुत्तर-नव वरिससयप्पमाणाऊ ॥११०॥
आवत्तीइ वि दिट्ठा-तह मलयासुंदरीइ नियसीलं ॥
अवि रक्खियं विइण्णा-कंदप्पनिवस्स सुहसिक्खा ॥१११॥
उत्तमपुरिसा पावे-अलसा पंगू पराइवायखणे ॥
बहिरा परनिंदाए-हवंति णिव्वाणदढकंखा ॥११२॥
जम्मंधा पररमणी-निरिक्खणे देहसहलया सीला ॥
जसकित्ती जल मग्गी-सुहगा सुहसीलहरभव्वा ॥११३॥
जिणवइसोवण्णघरं-एगो कारेइ देइ कणयाणं ॥
कोडिं तयहियपुण्णं-सीला सव्वट्ठसिद्धिदया ॥११४॥
पंचमसग्गसुहत्ती-कायासीलेण भावविअलेणं ॥
जइ ता सब्भावेणं-मुत्ती सीलेण निच्छयओ ॥११५॥
सीलं भूसणपरमं-सील मणुत्तरधणं सुरलयाहं ॥
अणुवमपहावनिलयं-जयावहं सोहियगुणोहं ॥११६॥
सिरिथूलिभद्दसमणा-कोसावसहे वि मयणकरणट्ठे ॥
संपडिबोहियवेसा-सीलं पालीअ सग्गगया ॥११७॥
तीसं वरिसे गेहे-चउवीसद्दे ठिया अपयचरणे ॥
पणयालद्दे ठाउं-जुगप्पहाणत्तभावम्मि ॥११८॥
नवनवइवरिसमाणे-पुण्णे सव्वाउअम्मिसिरिवीरा ॥
पणदसहियद्दुसए-गए धरियदेवभावा ते ॥११९॥
तं धण्णा गेण्हंते-विसुद्धपरिपालणा महाधण्णा ॥
जिणसासणं विजयए-सीलहरा जम्मिविहरंते ॥१२०॥

सुलहो पावपसंगो-गुणसेवा दुल्लहा महापुण्णा ॥
तिगरणसुद्धा सेवा-सीलस्स इदुल्लहा सिद्धा ॥१२१॥
सुहसीलं सीलहरे-णमामि जिणसासणंगणपईवे ॥
धण्णा वसुहा तेहिं-सीलहरोवासगा धण्णा ॥१२२॥
काऊण सीलकुलगं-समज्जियसुहप्पहावओ होज्जा ॥
सीलपसंगो मज्झं-भवे भवे जा ण सिद्धो हं ॥१२३॥
इसिणिहिणंदिंदुमिए-विक्कमसंवच्छरे सिए पक्खे ॥
फग्गुणछट्ठीदियहे-जइणउरीरायणयरम्मि ॥१२४॥
तवगच्छंबरदिणवइ-गुरुपरमुवयारिणेमिसूरीणं ॥
पउमेणा यरिएणं-लच्छीप्पहसीसपढणट्ठं ॥१२५॥

॥ शार्दूलविक्रीडितम् ॥

पण्हावागरणम्मि संथुय मिणं वित्थारओ मद्दयं ।
सव्वेसिं वरनारयाण वि य जं सीलं महाणंदयं ॥
सुत्तुत्तप्पवरोवमस्स कुलगं तस्स प्पणीयं मए ।
भव्वा ! तुम्ह पढेह होह विभवा सीला जओ णिव्वुया ॥१२६॥

---

## મહાવીર-સ્તવન.

રચયિતા-કાન્તિલાલ મોહનલાલ ત્રિવેદી-અમદાવાદ.

( દેખી શ્રી પાર્શ્વતણી મૂર્તિ અલબેલડી-એ રાગ )

દેખી શ્રી વીર તણી, મૂર્તિ અલબેલડી, નયનોમાં શીતળતા થાય રે-
વીર તણી, મૂર્તિ અલબેલડી.-એ આંકણી. ૧
આંખોને ઠારતી ને, કર્મોને કાપતી, મૂર્તિ એ મોક્ષ સુખ આપતી-વીર૦ ૨
ત્યાગના હીંડોળે એ, મૂર્તિ ઝુલાવતી, ક્રોધ કષાયો મૂકાવતી-વીર૦ ૩
ભવ્યોએ શરણું જો, એનું લીધું તો, નાથ બનીને એ તારતી-વીર૦ ૪
આર્દ્ર મુનિને એ, મૂર્તિએ તાર્યા, કર્મ કીધાં ચકચુર રે-વીર૦ ૫
જ્ઞાન વગર મુજ, સુકા ઉદ્યાનમાં, મૂર્તિ અમૃત સીંચનારી રે-વીર૦ ૬
સાચું વંદન એક, મૂર્તિને થાય તો, મૂર્તિ એ તારણહાર છે-વીર૦ ૭
શ્યામ હૃદયને એ, શુદ્ધ બનાવતી, જ્ઞાન દીપક પ્રગટાવતી—વીર૦ ૮
સર્વજ્ઞ દેવો, શ્રી તારણહાર છે, તરવાને મૂર્તિ એ જહાજ છે-વીર૦ ૯
"કાન્તિ" કહે, પ્રભુ એ નાવ છે, તરવાનો સાચો આધાર છે-વીર૦ ૧૦

# શ્રીસિદ્ધચક્રની તાત્વિક ભાવના.

લેખક. જૈનાચાર્ય શ્રી વિજયપદ્મસૂરિજી.

( ગતાંક પૃષ્ઠ ૩૦૯ થી અનુસંધાન. )

હવે ઉપર જણાવેલા ચોવીશ અતિશયવંત અરિહંત પ્રભુના બાર ગુણો છે. જુઓ પુરાવો-बारसगुण अरिहंता सिद्धा अट्ठेव सूरि छत्तीसं ॥ उवज्झाया पणवीसं साहू सगवीस 'अट्ठसयं ॥१॥ તે ૧૨ ગુણો આ પ્રમાણે જાણવા આ ૧૨ ગુણોમાં ૮ મહાપ્રતિહાર્યો, અને ૪ મૂલ અતિશયો છે. અશોક વૃક્ષ વિગેરે ૮ પદાર્થો અરિહંત મહારાજાના અત્યંત પૂજ્યપણાને જણાવનાર હોવાથી, અને જ્યારે પ્રભુને કેવલજ્ઞાન થયા બાદ કોઇ જગ્યાએ સમવસરણ કદાચ ન થાય, તો પણ ઉપર જણાવેલા ૮ પદાર્થો વિહારમાં અને દેશના સમયે સતત વિદ્યમાન હોય છે. માટે તેઓની મહાપ્રાતિહાર્ય અથવા સત્પ્રાતિહાર્ય એવી સંજ્ઞા ( શાસ્ત્ર પ્રસિદ્ધ-નામ) છે. તે આઠ મહાપ્રાતિહાર્યો આ પ્રમાણે જાણવા. ૧. અશોક વૃક્ષ. ૨. દેવોએ કરેલી પુષ્પ વૃષ્ટિ. ૩. દિવ્ય ધ્વનિ. ૪. ચામરો. ૫. સિંહાસન. ૬. ભામંડલ. ૭. દેવ દુંદુભિ. ૮. ત્રણ છત્ર. જુઓ પુરાવો-किंकिल्लि कुसुमवुट्ठि, देव झुणिचामरासणाइं च ॥ भावलयभेरि छत्तं, जयंति जिणपाडिहेराइं ।१। अशोक वृक्षः सुरपुष्पवृष्टिः दिव्यध्वनिश्चामरमासनं च ॥ भामंडलं दुंदुभिरातपत्रं, सत्प्रातिहार्याणि जिनेश्वराणां ॥१॥ ૧. અશોક વૃક્ષ પાસે રહેલા યક્ષો કોઇપણ વૃક્ષને અશોક વૃક્ષરૂપે પરિણમાવે છે. (વિકુર્વે છે) આ અશોક વૃક્ષ મહાવિશાલ હોય છે, તથા જેઓની ઉપર ભમરા બેઠેલા છે, એવા ફૂલોવાળો, શીતલ, ઉત્તમ કાંતિવાલો, મનોહર અને મોટી શાખાવાલો હોય છે. તથા વાયુથી ફરકતી ઘણી ધ્વજાઓ અને ઘુઘરીઓથી શોભાયમાન હોય છે. આ અશોક વૃક્ષનું વધારે સ્વરૂપ--ઉપર દેવ કૃત ૧૯ અતિશયો પૈકી ૯મા અતિશયમાં જોઇ લેવું. ૨. દેવોએ કરેલી ફૂલોની વૃષ્ટિ-સમવસરણમાં સર્વત્ર દેવો વિવિધ ફૂલોની વૃષ્ટિ કરે છે-આનું વિશેષ સ્વરૂપ-પહેલા દેવ કૃત ૧૯ અતિશયો પૈકી ૧૬મા અતિશયમાંથી જોઈલેવુ. ૩ દિવ્ય ધ્વનિ=અરિહંત પ્રભુ જ્યારે દેશના આપે છે, તે ટાઇમે માલવ કૌશિક (માલકોશ) નામના રાગને અનુસરતા પ્રભુના ધ્વનિ (સ્વર) ની સાથે મળેલો બીજો પણ-તત (વીણા વિગેરે), ઘન (તાલ વિગેરે), શુષિર (વાંસળી વિગેરે) અને આનદ્ધ (મુરજ વિગેરે) એ ચારે પ્રકારના વાજિંત્રનો ધ્વનિ-એક રૂપ થઇને કાનને મધુર લાગે તેમ ફેલાય છે. અરિહંત પ્રભુ માલવકોશ રાગે કરીને જ દેશના આપે છે, તે સમયે પ્રભુની બંને બાજુયે રહેલા દેવો વીણાદિકના શબ્દે કરી પ્રભુની વાણી મનોજ્ઞ કરેછે-પ્રભુની વાણી મનોહર તો છે જ, પરંતુ ભક્તિથી દેવો તેમ કરે છે.

૪. ચામરો. ૫. સિંહાસન. ૬. ભામંડલ આ ત્રણ પ્રાતિહાર્યો પૈકી-૪ થા પ્રાતિહાર્યનું સ્વરૂપ-દેવકૃત ૧૯ અતિ૦ માંના બીજા અતિશયના વર્ણનમાં અને પાંચમા પ્રતિહાર્યનું સ્વરૂપ-દેવકૃત ૧૯ અતિ૦ માંના ત્રીજા અતિશયના વર્ણનમાં કહ્યું છે. અને છઠ્ઠા ભામંડલનું સ્વરૂપ-ઘાતિકર્મના ક્ષયથી થયેલા ૧૧ અતિ૦માંના ત્રીજા અતિશયના વર્ણનમાં જોઈ લેવું. ૭ દેવ દુંદુભિ=અરિહંત પ્રભુના વિહારના ટાઈમમાં અને સ્થિતિના ટાઈમમાં આકાશમાં નિરન્તર અદશ્ય રીતે દેવ દુંદુભિના નાદ થાય છે, દેવો આકાશમાં આવા ઘણાયે વાજિંત્રો વગાડે છે, તે શબ્દો જગતના જીવોને એમ સાવચેત કરે છે કે-હે ભવ્યજનો ? તમે પ્રમાદને છોડી આ પ્રભુને સેવો કારણ આ પ્રભુ સાર્થવાહ સમાન છે. ૮ છત્રો આનું સ્વરૂપ-દેવકૃત ૧૯ અતિ૦માંના ચોથા અતિશયના વર્ણનમાં જણાવ્યું છે. એ પ્રમાણે ૮ મહા-પ્રતિહાર્યોનું સ્વરૂપ જણાવી હવે ૪ મૂલ અતિશયોનું સ્વરૂપ જણાવીએ છીએ. ૧. અપાયાપગમાતિશય. ૨. જ્ઞાનાતિશય. ૩. પૂજાતિશય. ૪. વચનાતિશય. આ અતિશયોને આજ ક્રમે ગોઠવવાનું કારણ એ છે કે જે વીતરાગ હોય તેજ સર્વજ્ઞ હોઇ શકે માટે પહેલો અપાયાપગમાતિશય કીધો છે. અને જે યથાર્થ સર્વજ્ઞ હોય, તેનીજ ઇન્દ્રાદિ દેવો તથા બીજા પણ ભવ્ય જીવો-વિશિષ્ટ પૂજા કરે છે. માટે બીજો જ્ઞાનાતિશય કીધો-અને સમવસરણાદિને રચવા રૂપ વિશિષ્ટ પૂજા થયા પછી ધર્મ દેશના શરૂ થાય. માટે ત્રીજો પૂજાતિશય કહ્યો અને છેવટે ચોથો વચનાતિશય કહ્યો. એમ શ્રી પંચસૂત્રની ટીકામાં આચાર્ય શ્રી હરિભદ્ર-સૂરીશ્વરજીએ જણાવ્યું છે-તેમાં ૧. અપાયાપગમાતિશય-અપાય એટલે (ભાવ-પાપની અપેક્ષાએ) રાગાદિના બંધનને લઇને થતા અનર્થો; અથવા (દ્રવ્ય અપાયની અપેક્ષાએ મરકી, તાવ વિગેરે ઉપદ્રવો તેઓને નાશ કરવા રૂપ જે અતિશય, તે અપાયાપગમાતિશય કહેવાય. તેના બે ભેદ ૧. સ્વાશ્રયિ-અપાયાપગ-માતિશય. ૨. પરાશ્રયિ, અપાયાપગમાતિશય. સ્વાશ્રયિ અપા૦ના બે ભેદ છે, દ્રવ્યથી અને ભાવથી. પ્રભુને જન્મથી માંડીને શારિરિક કોઇપણ રોગ ન હોય એ દ્રવ્યથી સ્વા૦ અપા૦ અને ભાવથી સ્વા૦ અપા૦ આ પ્રમાણે-શ્રી અરિહંત પ્રભુએ જો રાગાદિનો નાશ કર્યો તો તેનાથી ઉત્પન્ન થતી પીડા પણ તેમને ભોગવવાની નથી. તેથી પ્રભુને ૧૮ દોષોથી રહિત કહ્યા છે. તેમાં જ્ઞાનાવરણીયના ક્ષયથી અજ્ઞાન ન હોય, દર્શનાવ૦ ક્ષયથી નિદ્રા પણ ન હોય, મોહના ક્ષયથી હાસ્યાદિ ૬ કામ, મિથ્યાત્વ, અવિરતિ, રાગ, દ્વેષ એ ૧૧ ન હોય, અંતરાયના ક્ષયથી દાનાન્તરાયાદિ ૫ દોષો ન હોય, ૫ અંતરાય, ૧૧ હાસ્યાદિ ષટક, ૧૨ કામ, ૧૩ મિથ્યાત્વ, ૧૪ અજ્ઞાન, ૧૫ નિદ્રા, ૧૬ અવિરતિ, ૧૭ રાગ ૧૮ દ્વેષ, એ સ્વાશ્રયિ અપાયાપગમાતિશય કહેવાય. તથા ૨ પરાશ્રયિ અપાયાપગમાતિશય એટલે અરિહંત પ્રભુના એક યોજન પ્રમાણ સમવસરણની ભૂમિમાં અસંખ્ય

દેવો, મનુષ્યો, અને તિર્યંચો પોતાના જાતિ વૈરનો, અને જન્માન્તરના વૈરનો પણ ત્યાગ કરીને એકત્ર રહે છે, છતાં સંકડાશને લઇને જરા પણ પીડા થતી નથી. દેશના સાંભળવામાં એવા તો તેઓ લીન(એકતાન) થઇ જાય છે કે જેથી તેઓની ભૂખ અને તરશ પણ ઉડી જાય છે. તથા પ્રભુજીના પસાયથી છ એ દિશામાં મલી ૫૦૦ ગાઉની અંદર લડાઈ વગેરે ઉપદ્રવ નાશ પામે છે, એ પરાશ્રયિ અપાયાપગમાતિશય સમજવો. ૨ જ્ઞાનાતિશય-અરિહંત પ્રભુને એવું એક અલૌકિક જ્ઞાન હોય છે, કે જેથી લોક અને અલોકમાં રહેલા સર્વ દ્રવ્યાદિને સમકાલે જાણી શકાય. તેનું નામ કેવલજ્ઞાન. (એમ કેવલદર્શનથી સર્વ દ્રવ્યાદિને સમકાલે દેખે છે.) આ જ્ઞાનથી પ્રભુ સર્વજ્ઞ કહેવાય છે. માટેજ શક્રસ્તવમાં "सव्वन्नूणं" એમ કહેલ છે. આનું વિશેષ સ્વરૂપ જ્ઞાનપદમાં આગળ કહેવાશે.

પ્રશ્ન-જ્ઞાનાતિશયની માફક દર્શનાતિશય કેમ ન કીધો ?

ઉત્તર-જ્ઞાનાતિશયનું ગ્રહણ કરવાથી દર્શનાતિશય ન કહીયે તો ચાલે કારણ કે દર્શન તે જ્ઞાનનો એક ભેદજ છે.

પ્રશ્ન-દર્શનાતિશયના ગ્રહણથી જ્ઞાનાતિશય ન કહીયે તો ચાલે કે કેમ ?

ઉત્તર-દર્શન એ સામાન્ય જ્ઞાન છે, જ્ઞાન તેના કરતાં વિશિષ્ટ હોવાથી વિશિષ્ટના ગ્રહણથી સામાન્યનું ગ્રહણ આવી જાય. જુઓ રાજાને નમસ્કાર કર્યા પછી પ્રધાનાદિને નમસ્કાર ન કરીયે તો ચાલે, કારણ રાજા મુખ્ય છે. તથા આચાર્યની ભક્તિનું ફલ આખા ગચ્છની ભક્તિ કરવાથી થતા ફલ જેટલું કહ્યું છે. કારણ આચાર્યભગવંત મુખ્ય છે. તેવી રીતે કેવલજ્ઞાન અને કેવલદર્શનમાં પણ કેવલજ્ઞાન મુખ્ય છે. બીજું અરિહંત પ્રભુને પહેલે સમયે કેવલજ્ઞાનનો ઉપયોગ હોય છે. માટે દર્શનાતિશયના ગ્રહણથી જ્ઞાનાતિશયનું ગ્રહણ ન થઇ શકે. ૨. પૂજાતિશય ઇન્દ્રાદિ દેવો વિશિષ્ટ ઋદ્ધિ અને ભોગ સામગ્રીવાલા છતાં પણ તે ઉપરના મમત્વનો ત્યાગ કરી ૧૯ અતિશયો કરવા વગેરે પ્રકારથી પ્રભુ દેવની પૂજા કરે છે. અને પ્રભુ પુજાના સુખની આગળ દેવલોકનું સુખ ઘાસ જેવું તુચ્છ માને છે. તથા ચક્રી-વાસુદેવાદિ પણ પ્રભુને પૂજે છે. માટે પ્રભુ ત્રણે જગતના જીવોને પૂજ્ય છે. ૪. વચનાતિશય-અરિહંત પ્રભુની પાંત્રીસ ગુણવાલી વાણી ત્રણે ગતિના જીવો ભિલ્લના દૃષ્ટાંતે કરી પોતપોતાની ભાષામાં સમજી શકે છે. આ ચારે અતિશયોનું સ્વરૂપ પહેલાં ૩૪ અતિશયોના વર્ણનના પ્રસંગે વિસ્તારથી કહેલું હોવાથી અહીં સંક્ષેપથી કહ્યું છે. પહેલાં જણાવેલા ૩૪ અતિશયોનો અપયાપગમાતિયય વિગેરે ચાર અતિશયોમાં સમાવેશ થતો હોવાથી તે ચારને શાસ્ત્રમાં મૂલાતિશય એવા નામથી ઓળખાવેલ છે. ૪ મૂલ *અતિશયોમાં ૩૪ અતિશયોનો સમાવેશ આ પ્રમાણે સમજવો. જન્મના* ૪ અતિશયો, આઠ મહાપ્રતિહાર્યો, આગળ ચાલતું ધર્મ ચક્ર, ધર્મ ધ્વજ, સોનાના

નવ કમલોની રચના, અનુકૂળ વાયુ વાય, જમણી બાજુ સુભ શકુનોનું જવું, વૃક્ષો નમે તથા પુષ્પોથી વધાવે, સમવસરણમાં ત્રણ ગઢ રચના, સુગંધિ જલની વૃષ્ટિ, પુષ્પોની વૃષ્ટિ, દેશનાના ટાઇમમાં પ્રભુના ત્રણ બિંબોની રચના, જઘન્યથી પણ ચતુર્નિકાયના ક્રોડ દેવો પ્રભુની સેવા કરે વગેરે અતિશયોનો સમાવેશ પૂજાતિશયમાં થઇ શકે છે. અરિહંત પ્રભુની યોજન સુધી વિસ્તાર (ફેલાવા) વાણી તથા સર્વસંશયોને છેદનારી અને સર્વ ભાષાને અનુસારી વાણી હોય, આ અતિશયનો વચનાતિશયમાં સમાવેશ થાય છે. અનિષ્ટ-મરકીઆદિ ઉપદ્રવોનો અભાવ વગેરે અતિશયોનો સમાવેશ અપાયાપગમાતિશયમાં થાય છે. એજ હેતુથી અરિહંતના બાર ગુણોમાં ચાર મૂલ-અતિશયો લીધા છે. (અપૂર્ણ.)

---

# શ્રી જૈનાગમ પ્રશ્નમાલા યાને પ્રશ્નોત્તર કલ્પલતા.

લેખકઃ-આચાર્યશ્રી વિજયપદ્મસૂરિજી.

( ગતાંક પૃષ્ઠ ૩૧૨ થી અનુસંધાન. )

૧૧-પ્રશ્ન—નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુ સ્વામિના આદર્શ જીવનની બીના કયા કયા ગ્રંથોમાં જણાવી છે ?

ઉત્તર—શ્રી કલ્પસૂત્રની ઉપર ઉપાધ્યાયજી ધર્મસાગરજી વિગેરે મહાપુરૂષોએ ટીકાઓ બનાવી છે. તેમાં સ્થવિરાવલી નામના આઠમા વ્યાખ્યાનમાં તથા ઉ૦ ધર્મસાગરજી કૃત તપગચ્છપટ્ટાવલી, પરિશિષ્ટ પર્વ, ચતુર્વિંશતિ પ્રબંધ, પ્રબંધ ચિંતામણિ, ઉપદેશપાસાદાદિ ગ્રંથોમાં શ્રી ભદ્રબાહુ સ્વામીજીની બીના જણાવી છે. તે બધા ગ્રંથોના વાંચનનું રહસ્ય એ છે કે-શ્રી ભદ્રબાહુસ્વામીજી-પૂજ્ય શ્રી યશોભદ્રસૂરિજીના પ્હેલા પટ્ટધર શિષ્ય હતા. બીજા પટ્ટધર શ્રી સંભૂતિવિજય મહારાજના તે ગુરૂ ભાઈ થાય, તેમણે શ્રી સ્થુલિભદ્ર મહારાજને સૂત્રાર્થથી દશ પૂર્વો અને છેલ્લા ચાર પૂર્વો સૂત્રથી ભણાવ્યા હતા. તથા શ્રી આવશ્યકાદિ દશ સૂત્રોની ઉપર નિર્યુક્તિઓ, ઉપસર્ગહરં સ્તોત્ર, સામુદ્રિક શાસ્ત્ર, ભદ્રબાહુ સંહિતા તીર્થયાત્રા પ્રબંધ વગેરે ગ્રંથોની રચના કરી છે. છ (૬) શ્રુતકેવલિના નામોમાં તેમનું નામ ગણ્યું છે. તેમના જન્મની બીના જાણુમાં નથી. ૪૫ વર્ષની ઉંમરે શ્રી યશોભદ્રસૂરિજીની પાસે તેમણે દીક્ષા લીધી. ત્યાર બાદ ૧૭ મા વર્ષે યુગપ્રધાન થયા, ૧૪ વર્ષ સુધી યુગપ્રધાનપણે વિચરીને ઘણા જીવોને પ્રતિબોધ કરીને સન્માર્ગના આરાધક બનાવીને શ્રી જૈનેન્દ્રશાસનની અપૂર્વ પ્રભાવના કરીને સર્વાયુ-૭૬ વર્ષનું પૂર્ણ થતાં વિશિષ્ટ દેવતાઈ ઋદ્ધિને પામ્યા.

૧૨-પ્રશ્ન—શ્રી આચારાંગ વિગેરે બાર અંગોમાં બારમું દૃષ્ટિવાદ વિચ્છિન્ન થયું છે. તેની હયાતી પ્રભુદેવ શ્રી મહાવીર પરમાત્માના નિર્વાણ સમયથી માંડીને કેટલા વર્ષો સુધી હતી ?

ઉત્તર—પ્રભુ શ્રી મહાવીર દેવના નિર્વાણ સમયથી માંડીને હજાર વર્ષ સુધી એટલે વિક્રમ સંવત્ ૫૩૦ ની સાલ સુધી બારમું અંગ દૃષ્ટિવાદ હયાત હતું. ત્યાર પછી તે વિચ્છેદ પામ્યું. પ્રભુ શ્રી મહાવીરદેવના નિર્વાણ સમયથી ૪૭૦ વર્ષો વીત્યા બાદ વિક્રમરાજા થયા. તેથી શ્રી વીરનિર્વાણ સંવતમાં ને વિક્રમ-સંવતમાં ૪૭૦ વર્ષનો ફરક ગણાય છે. એટલે વિક્રમ સંવત ઉપરથી વીરનિર્વાણ સંવત લાવવો હોય, તો વિક્રમ સંવતમાં ૪૭૦ વર્ષો ઉમેરવા, જેમ હાલ વિ૦ સં૦ ૧૯૯૮ ચાલે છે, તેમાં ૪૭૦ ઉમેરતાં વી૦ સં૦ ૨૪૬૮ મું વર્ષ હાલ ચાલે છે. આ રીતે વીર સંવત ઉપરથી વિક્રમ સંવત લાવવો હોય તો વીર સંવતમાંથી ૪૭૦ બાદ કરવા. કારણ કે એટલા (૪૭૦) વર્ષ વીત્યા બાદ વિક્રમ રાજા થયા છે. જેમ ૨૪૬૮ માંથી ૪૭૦ બાદ કરતાં હાલ ૧૯૯૮ ની સાલ ચાલે છે. આ રીતે ઈસ્વીસન લાવવો હોય તો વીર સંવતમાંથી ૫૨૬ વર્ષ બાદ કરવા. જેમ હાલ ૨૪૬૮ માંથી ૫૨૬ બાદ કરતાં ઈસ્વીસન ૧૯૪૨ ચાલે છે. વિક્રમ સંવતમાંથી ૫૬ બાદ કરતાં ઈસ્વીસન ૧૯૪૨ હાલ ચાલે છે. વિક્રમ રાજા પછી ૫૬ વર્ષ વીત્યા બાદ ઈસ્વીસનની પ્રવૃત્તિ થઇ છે.

ચૌદશો ચુમ્માલીસ ગ્રંથોના બનાવનાર શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે દૃષ્ટિ-વાદના (૧) પરિકર્મ (૨) સૂત્ર (૩) પૂર્વગત (૪) પૂર્વાનુયોગ (૫) ચુલિકા, આ પાંચ ભેદમાંના પૂર્વગતમાં ગણાતા ૧૪ પૂર્વોના વિચ્છેદકાલની નજીકના સમયમાં વિચ્છેદ પામતા પૂર્વના ખંડોને સંકલિત (એકઠા) કરી શ્રી પંચાશક, પંચવસ્તુ વગેરે ગ્રંથો રચ્યા. એમ નવાંગી ટીકાકાર–શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજે પંચાશકની ટીકા રચતાં શરૂઆતમાં જણાવ્યું છે.

૧૩–પ્રશ્ન—શ્રી આચારાંગ વગેરે અગીઆરે અંગોમાં શી શી બીના આવે છે? તે ટૂંકામાં જાણવાને કોઇ સાધન છે?

ઉત્તર—શ્રી દેશના ચિંતામણીના પહેલા ભાગમાં મેં તે બીના વિસ્તારથી જણાવી છે.

૧૪–પ્રશ્ન—શ્રી ઉત્પાદાદિ વેોમાં શી શી બીના હતી?

ઉત્તર—દ્વાદશાંગીની રચના કરનારા શ્રી ગણધરદેવ શ્રી આચારાંગાદિની રચના કરતા પહેલાં ઉત્પાદાદિ પૂર્વોની રચના કરે છે, માટે ઉત્પાદાદિ ૧૪ નું નામ પૂર્વ કહેવાય છે. તે દરેકનું સ્વરૂપ ટૂંકામાં આ પ્રમાણે જાણવું. ૧ ઉત્પાદ-પૂર્વ–અહીં જીવાદિ દ્રવ્યના ઉત્પાદ–વ્યયધ્રૌવ્ય વગેરે ધર્મોનું સ્વરૂપ જણાવ્યું છે. આ પૂર્વના ૧ ક્રોડ પદ જાણવા. ૨ અગ્રાયણીયપૂર્વ–આમાં તમામ જાતના બીજ વગેરેની બીના વર્ણવી હતી, જેના પદ ૯૬ લાખ છે. ૩ વીર્યપ્રવાદ–આમાં સકરણ વીર્યાદિ ભેદોનું અને વીર્યવંત જીવોનું સ્વરૂપ વગેરે બીના હતી, જેના પદ ૭૦ લાખ છે. ૪ અસ્તિનાસ્તિપ્રવાદપૂર્વ- આમાં સપ્તભંગી ગર્ભિત સ્યાદ્વાદદર્શનનું સ્વરૂપ

હતું, જેના પદ ૬૦ લાખ જાણવા. ૫. જ્ઞાનપ્રવાદપૂર્વ-આમાં પાંચ જ્ઞાનનું સ્વરૂપ વસ્તારથી જણાવ્યું હતું. આના આધારે નંદીસૂત્ર વગેરેની રચના શ્રી દેવવાચક મહારાજે કરી હોય, એમ સંભવે છે જેના પદ ૯૯૯૯૯૯૯ હતા. ૬. સત્યપ્રવાદ પૂર્વ આમાં તમામભાષા-ભાષ્યક ભાવ વગેરેનું સ્વરૂપ વિસ્તારથી જણાવ્યું હતું. અને પદ ૧ ક્રોડને ૭ હતા. ૭. આત્મપ્રવાદપૂર્વ-આમાં આત્મતત્ત્વની સિદ્ધિ, તેના ભેદોનું સ્વરૂપ અને તેના કર્તાપણું-ભોક્તાપણું-વ્યાપકપણું-નિત્યાનિત્યપણું વગેરે ધર્મોનું વર્ણન વિસ્તારથી જણાવ્યું હતું, પદ પ્રમાણ-૨૬ ક્રોડ છે. ૮. કર્મપ્રમાદ પૂર્વ આમાં તમામ કર્મોના બંધાદિ ભેદ વગેરેનું વર્ણન બહુજ વિસ્તારથી હતું. આના ઉદ્ધાર રૂપે શ્રી પંચસંગ્રહાદિની રચના થઈ. જેના પદ પ્રમાણ-૧ ક્રોડ, ૮૦ લાખ છે. ૯. પ્રત્યાખ્યાનપ્રવાદપૂર્વ-આમાં પ્રત્યાખ્યાન વગેરેનું સ્વરૂપ હતું. જેના પદપ્રમાણ ૮૪ લાખ છે. ૧૦. વિદ્યાપ્રવાદપૂર્વ-આમાં ગુરૂ લઘુ વિદ્યાઓનું અને રોહિણી વગેરે ૫૦૦ મહાવિદ્યાઓનું સ્વરૂપ હતું. જેના પદમાન ૧ ક્રોડ ૧૦ લાખ છે. ૧૧ કલ્યાણપ્રમાદપૂર્વ-આમાં જ્યોતિશ્ચક્ર, શલાકાપુરૂષ, દેવ, પુણ્ય-ફલાદિની બીના વિસ્તારથી કહી હતી. જેના પદપ્રમાણ ૨૬ ક્રોડ છે. ૧૨. પ્રાણાવાયપૂર્વ-આમાં ચિકિત્સા, પંચવિધવાયુ, પંચભૂતની બીના વિસ્તારથી જણાવી હતી. જેના પદ પ્રમાણ ૧૩ ક્રોડ છે. ૧૩. ક્રિયાવિશાલપૂર્વ-આમાં શબ્દશાસ્ત્ર, વિવિધ છંદોના લક્ષણ, વ્યાકરણ, શિલ્પકલા વિગેરે બીના હતી. જેના પદપ્રમાણ ૯ ક્રોડ છે. ૧૪. લોકબિંદુસારપૂર્વ-આમાં ૬ આરા વગેરે પદાર્થોની બીના વિસ્તારથી જણાવી હતી. જેના પદ પ્રમાણ ૧૨૫૦૦૦૦૦૦ (સાડીબાર ક્રોડ) છે. આ પૂર્વોની બીનાને સૂક્ષ્મદષ્ટિએ વિચારવાથી ઘણું જાણવાનું મળે છે. (અપૂર્ણ.)

# શ્રી વીરજિણંદ-સ્તવનમ્.

રચયિતાઃ-**મુનિશ્રી સુશીલવિજયજી. (છાણી.)**

[નાચો નાચો પ્યારે મનકે મોર...એ રાગ.]

તારો તારો દયાળુ મહાવીર (૨),
આજ તેરે ચરણોંમેં, આયા હે દાસ. તારો-તારો૦ (ટેક.)
મેરે આતમ મેંહી, વીર વીરકા ગાન,
મહાવીરકા ધ્યાન, હોતા હૈ માન;
જય જય જીણંદકી, હોતી હૈ ઔર. તારો-તારો૦ (૧)
હોતા વીર ભજન, ઓર વીર વીર રટન,
સારા જીવન એ, જીણંદ વિભોર-;
ભક્તિકે રસમેં, હો ગયા તરબોલ. તારો-તારો૦ (૨)
જીવનમેં આજ મેરે, હર્ષ ભયે રે,
વિરજિન સંગે, કરમો ભગે રે;
સુશીલ વીર? દ્યો મુક્તિ અણમોલ. તારો-તારો૦ (૩)

# ધર્મ્ય વિચાર.

લેખકઃ-ઉપાધ્યાય શ્રીસિદ્ધિમુનિજી.

(ગતાંક પૃષ્ઠ ૩૧૬ થી અનુસંધાન.)

આજકાલ બંધન અને પરાધીનતા શબ્દ માત્રથી લોકો ભડકે છે. પરન્તુ યોગ્ય આવશ્યક બંધન અને પરાધીનતામાં દુઃખ, ગેરલાભ, માન હાનિ કે અશાંતિ નથી, પણ સુખ, આત્મલાભ, આત્મસન્માન અને અંતરશાંતિ છે. એનાથી થતી ભૂલો અટકી જાય છે. સ્વતંત્રતા સુંદર છે, આત્મોત્કર્ષક છે, જીવ માત્રને તે જોઇએ જ. પણ સ્વચ્છંદતા તો નહિ જ. સ્વતંત્રતા અને સ્વચ્છંદતાનો ભેદ સમજાય તો સમજી શકાશે કે-સ્ત્રી જાતિ માટે ગમે તે અવસ્થામાં સ્વચ્છંદતા હાનિકારક છે. આર્યો નીતિ અને ધર્મના પોષણની ખાતર વિનય અને કહ્યાગરાપણાને ઉપદિશે છે. સારૂં કરવામાં સૌ સ્વતંત્ર જ છે. તેથી વિપરીત થતું હોય તો અથવા થવાનો સંભવ હોય તો, ત્યાં પરાધીનતા જ સારી અને હિતકારી છે. ફક્ત મળેલી સ્વતંત્રતાનો દુરૂપયોગ ન થાય, એથી સ્વચ્છંદતાના માર્ગે ન ચડી જવાય તેટલા પુરતી જ અહિં પરાધીનતાની સ્થિતિ સ્વીકારી લેવાને કહેવાય છે. ભૂતકાલની નીતિ આજે પણ જનસમાજને ભૂતકાલ જેટલીજ અનુકૂળ અને હિતાવહ છે. યથેચ્છ છૂટની, ફાવતી સ્વચ્છંદતાની રીતોથી પોષાયું હોય એમ હાલની સુધરેલી કહેવાતી દુનીયા બતાવી શકી નથી. સુધારાની દુનીયામાં સ્વતંત્રતાના નામે અનાચાર, પરાધીનતા અને દુઃખ બ્હોળા ભાગે જોવાય છે. ત્યારે આર્યોની પરાધીનતામાં સદાચાર, સ્વતંત્રતા અને સુખ ભૂતકાલમાં જોવાયું છે, અને હાલ પણ જોવાય છે. વિધવા બ્હેનો! સાધ્વી બનો, બહુ જ વિચાર કરી તેવું ઉત્કૃષ્ટ, દુષ્કર જીવન ગાળવા ભાવ અને શક્તિ હોય તો. નહિતર કુટુંબને આધિન રહી, તેમને ભારભૂત ન બની, શાંતિથી સર્વને સંતોષ ઉપજાવી, તમારા નીતિ ધર્મમય શ્રાવિકાજીવનને ઉજવાળો. કદિ પણ નિરાસ થઈ કર્તવ્ય કર્મ ચુકશો નહિ. તમે સર્વ કરી શકશો એવી શ્રદ્ધા રાખજો. તમે સદા સાધ્વીઓનો આદર્શ સન્મુખ રાખજો, ત્યાં પણ વિવેક કરજો. જો કવચિત્, ઘડો અહિં તહિં મુકવાને માટે કલેશ કરનારી, એક સાધુનો ગોળો લેવા દેવામાં ઇર્ષ્યા કરનારી, મારૂં તારૂં કરવામાં મરનારી, મિથ્યા દંભી ટાહ્યલાં કરી ભક્તાણીઓ બનાવવાની આશાએ મમતા બતાવનારી, અજ્ઞાનતામાં રમી સદુપદેશ દાનમાં વિસરનારી, દુઃખીને અવગણી ધન ગબ્બર તરફ વળનારી-તણાઇ જનારી, પોતાનાજ તુચ્છ સ્વાર્થની વાત કરનારી, આત્મીય અભિમાનને પોષવા ખાતરજ જીવનારી, આત્મવિમુખ પ્રવૃત્તિમાં પડનારી એવી કોઈ સાધ્વી-વેશધારિણી

તમારા જોવામાં આવે તો તેનો આદર્શ તેમની પાસેજ રહેવા દ્યો. ત્યાં તમે જતાં હોય તો અટકજો. ત્યાંથી તમને યોગ્ય કાંઇ પણ મળી શકશે નહિ. અમુક સંજોગોમાં ત્યાં તમે જાઓ તો યે તમે તમારૂં જ કરજો. પણ આદર્શ તરીકે તો તમે ઉપરોક્ત દુર્ગુણોથી રહિત એવાં સત્પાત્રોને જ સત્કારશો, સન્માનશો. પણ સારાં પાત્રોને છોડી ગમે તે કારણે અન્યત્ર જવું જ શા માટે? 'જ્યાં સદ્ગુણો હોય તે જ આપણું' એવી બુદ્ધિ રાખી ત્યાંજ આગ્રહ ધરવો જોઇએ. પછી ભલેને ત્યાં દુનીયા કદી ઓછી ઝુકાતી જણાય. જ્ઞાન, ધ્યાન તત્પર એ પવિત્ર આર્યાઓમાં તમને ગમે તે રીતે ખેંચાણ કરવાના હાવભાવો પ્રાય: નહિ જ હોવાના. ત્યાં જ્ઞાન, ધ્યાન અને આત્મકલ્યાણના પ્રશ્નોત્તરો અને ચર્ચાઓજ તમને સંભળાશે. તમારા જીવનમાં મેળવવાની, ભેળવવાની ખરી મીઠાશ જ અહિંઆં હશે. દંભમાં ન ફસાતા સત્યનીજ ગવેષણા કરવી એમાંજ તમારી ચતુરાઇ અને ડહાપણનો ઉપયોગ કરવાનો છે. ધર્મને નામે તમને ફસાવનારાં, લૂંટનારાં હોય તે તો દૂરથી જ નમસ્કાર કરવા લાયક છે. પોતે ડૂબી રહ્યાં હોય તે અન્યને શું તારે? માટે કદાચ આવી સાધ્વીઓ દેખવામાં ક્વચિત્ આવે તો તેની નિંદા-કુથલી કરવામાં ન પડતાં, સારી સાધ્વીઓની પાસે જવા મનને દોરવું અને ત્યાં જઇ, તેમનાં પાસાં સેવી એમના આદર્શને સન્મુખ રાખી શિયળ સાથે શ્રાવિકા જીવનને સુંદર, સમુજ્જવલ અને આદરણીય બનાવવું. બ્હેનો! તમારો દરજ્જો કોઇ પણ રીતે જૈનશાસને ઓછો-હલકો માન્યો નથી, માટે તમે તમારી જાતને તુચ્છ ન માનતાં આત્મોત્કર્ષમાં સદા પ્રયત્નશીલ થજો. (અપૂર્ણ)

---

# शास्त्रसम्मत मानवधर्म और मूर्त्तिपूजा.

लेखकः—पू. मु. श्रीप्रमोदविजयजी महाराज. (पन्नालालजी)

( ગતાંક પૃષ્ઠ ૩૧૯ થી અનુસંધાન. )

पूज्योंके प्रति भक्तिभाव उत्पन्न होनेके उद्देश्य से ही चित्र या मूर्तियाँ बनाई जाती है स्थानकवासी स्थानकोमें ही साधुओं के फोटो नहीं लगाते हैं किंतु अपने घरोंमें भी अपने प्रतिष्ठित साधुओंके फोटो लगाकर प्रतिदिन उनके दर्शन कर पूजा कर अपने को कृतकृत्य समझते हैं। जब सामान्य पूज्य पुरुषोंके प्रति भी इतनी पूज्य बुद्धि उत्पन्न हो जाती है तो असाधारण वीतराग प्रभु की शांतमुद्रा युक्त अचल ध्यानावस्थित प्रतिमा के प्रतिपूज्य भाव और वीतरागभाव क्यों न उत्पन्न होंगे? साधुओंके फोटुओंके प्रति भक्ति रखना और प्रभु की मूर्तिपूजा का उपरी शब्दों से निषेध करना कहां का न्याय है? यह कथन तो प्रत्यक्ष प्रमाणसिद्ध वैश्याको सती बताने के समान और सतीको वैश्या कहने के

समान ही है। स्थानयवासियों में तेरहपंथी समाजनेभी अभी अभी अपने स्वर्गीय पूज्य श्रीकालूरामजी का एक समाधिस्थान बनाया है। जिसकी उनके भक्त लोग पूजा करते हैं और दूर २ से दर्शनार्थ आते हैं। इतना ही नहीं चौथमलजी महाराज जो कि जगद्वल्लभ कहे जाते हैं उनके भी फोटु देखे गये हैं इनके अतिरिक्त ऋषि संप्रदाय और धर्मदासजीकी संप्रदाय के भी अनेक साधुओंके फोटु निकाले हुए नजर आते हैं क्या ये सब बातें फोटुओं द्वारा विश्ववंद्य बननेके प्रयत्नों में नहीं हैं? क्या मूर्तिपूजा इनसे कोई भिन्न पदार्थ है? अपने फोटुओं को वंदन करने वाले भक्त को तो आप लोग उत्कृष्ट सम्यक्त्वी और दृढधर्मी कहने में कदापि संकोच नहीं करेंगे किंतु प्रभु प्रतिमा की पूजा करनेवाले के प्रति इतनी कुत्सित भावनाएं क्यों हो जाती हैं? अरे! आप के फोटु को वंदन करने और प्रभु प्रतिमाको वंदन करने में अंतर ही क्या है? आप के फोटुको वंदन करनेकी अपेक्षा तो प्रभु प्रतिमाकी पूजा और वंदना करनेमें अत्याधिक आत्मलाभ प्रत्यक्ष ही है। वास्तव में मूर्तिपूजा को सब मतमतान्तरोंने स्थान दिया ही है और वर्तमानमें भी दे ही रहे हैं। इसी के अवलंबन से इनका मत संसार में टिका हुआ रह सकता है जिस दिन वे मूर्तिपूजाको स्थान न देंगे उसी दिनसे आत्महानिके साथ २ मत और पक्षहानि भी होती जायगी। यह न केवल वाणीरुप शब्द ही है किंतु सैद्धान्तिक तत्व विशेष भी है। वास्तव में जगज्जीवों के हृदय में सतत प्रभु भक्तिभावों की उज्ज्वल ज्योति कायम रखनेके लिये अन्य उपकारी पदार्थोंके समान प्रभु प्रतिमा भी एक मुख्य साधन है। मूर्तिपूजा का निषेध ईस्लाम, क्रिश्चियन और कबीरादि की संप्रदायवाले तो क्या कर सकते हैं किंतु मूर्तिपूजा के विरोध का ढोंग बताने वाला स्थानकवासी समाज और आर्यसमाज भी इसका विरोध नहीं कर सकता है कारण अनेक पुस्तकादि में इन लोगोंने चित्रादि देकर मूर्ति पूजा की उपादेयता ही सिद्ध की है। इन चित्रों से प्रत्यक्ष एवं परोक्ष रूप में मूर्तिपूजा को उत्तेजना ही मिली है। एक बार मैंने भी किसी सभास्थल में कितनेक आर्य भक्तों को स्वामीजी का पुष्पहार से शोभित चित्र उच्चासन पर रखते हुए देखा तब मैंने उनसे प्रश्न किया कि महाशयजी! जब आप लोग प्रतिमा को स्थान ही नहीं देते हैं और उसका सतत खंडन करते रहते हैं तो फिर यहां यह मायाजाल क्यों फैला रखी है? क्या यह प्रपंच नहीं है? एक ओर तो उसका विरोध करना और दुसरी ओर उसका मंडन करना माया नहीं तो ओर क्या है? जैसे हाथी के दांत खाने के ओर तथा दिखाने के ओर होते हैं वैसे ही आप का कहना ओर है और करना ओर है। यह तो वैसी ही कहावत हुई कि आप खावे काकडी और दूसरा ने देवे आखड़ी (शपथ, सौगन)। तब उन आर्यभक्तों में से एक ने उत्तर दिया कि-महोदयजी! हम लोग मूर्तिपूजा के नितान्त विरोधी हैं किंतु स्वामी जी आज विद्यमान नहीं हैं अतः उनका परिचय और स्मरण कराने के उद्देश्य से ही यह उनका चित्र यहाँ रखा गया है यद्यपि इस चित्र को हम साक्षात् स्वामीजी नहीं मानते तथापि उनके परिचय हेतु यह पर्याप्त और आवश्यक है। वाह! भाई वाह! खूब

कहा ! पाठको ! ध्यान दीजिये एक मूर्ति पूजा विरोधी आर्य भक्त के हृदयस्थित उद्गार रूप वचन पर ? ये आन्तरिक स्नेह भावना से निकले हुए वचन स्पष्ट प्रतिमा पूजा के मंतव्य की ही सिद्धि कर रहे हैं। प्रत्येक आर्य भक्त के घर पर ॐ और स्वामीजी का फोटू लगा हुआ पावेंगे। यदि वास्तव में ये लोग मूर्ति पूजा के विरोधी होते तो कदापि स्वामीजी का फोटो ही प्रकाशित न कराते और न अपने घरों में ही इन फोटुओं को उच्च स्थान देते। उनकी ये प्रवृत्तियां ही स्पष्ट मूर्तिपूजा की घोषणा कर रही हैं। इस प्रकार एक नहीं किंतु अनेक एतद्विषयक प्रमाण दिये जा सकते हैं किंतु ग्रंथ विस्तार के भय से इतना ही लिखना मर्यादा और प्रासंगिक है। अतः यह सिद्ध हुआ कि जगत् के सकल समाजी मूर्तिपूजा के ही उपासक हैं। जो मूर्तिपूजा प्रारंभ से ही करते आये हैं ऐसे जैन, शैव, वैष्णव, वैदान्तिक और बौद्धों के लिये विशेष लिखने की आवश्यक्ताही नहीं कारण जब मूर्तिपूजा से विरोध रखने वाले मज़-हबों को भी मूर्तिपूजक सिद्ध कर दिये हैं तब उसके उपासकों के संबंध में तो संशय ही कैसे हो सकता है ? जब विरोधी भी मूर्ति की अवहेलना नहीं कर सकते हैं तो उसको महत्व देने वाले तो विरोध करेंगे ही कैसे ? तात्पर्य यह है कि मूर्ति की व्यापकता क्षेत्र संकुचित न होकर सार्व भौम है। मूर्तिपूजा विश्वव्यापक सिद्धान्त है इसी लिये इसका अनुकरण प्रकारांतर से सबने किया ही है। वास्तव में आकृति विशेष ही मूर्ति है और उस आकृति का सन्मान करना ही पूजा है । मूर्ति पूजा इनसे कोई भिन्न स्वरूप वाली नहीं है। कितनेक मंदमतियों के मन में यह भी कल्पना जमी हुई है कि मंदिरों में जड़ प्रतिमाओं की स्थापना करने से क्या लाभ है जबकि हम अपने हृदय में ही निराकार प्रभु का ध्यान कर सकते हैं ? किंतु उनकी यह मान्यता अव्यवहार्य है क्योंकि जब हम अपने हृदय में किसी का ध्यान करेंगे तो वह ध्यान साकार का ही होगा निराकार का नहीं। साकार ध्यान ही प्रतिमा सिद्धि का हेतु है। जिस प्रकार मूर्तिपूजा विरोधी लोग हृदय में प्रभु की कल्पना कर उनके गुणों का स्मरण करते हैं उसी प्रकार मूर्तिपूजक लोक भी किसी विशुद्ध स्थान पर निर्विकारी प्रभु कीं प्रतिमा को साकार रूप में स्थापित करके उनके गुणों का स्मरण कर अपनी आत्मा को उज्ज्वल बनाते हैं। दोनों की कल्पना, स्थापना और पूजा में समानता एवं एकता होते हुएभी अंतर है तो केवल इतना ही कि जिस हृदय मंदिर में निराकार प्रभु की साकार कल्पना की जाती है वह क्षण विध्वंसी है और प्रतिमा स्थापना द्वारा किया जाता हुआ प्रभु स्मरण कियत् कालस्थायी अवश्य है। प्रभु प्रतिमा की स्थापना का धर्म लाभ आबाल गोपाल ले सकते हैं किंतु निराकार का ध्यान सब लोग सहसा नहीं कर सकते हैं। प्रभु प्रतिमा द्वारा वीतराग प्रभु की कल्पना होना जितना सरल है उतना ही कठिन निर्विकारी निराकार प्रभु की कल्पना करना है। प्रभु प्रतिमा से रस्ते चलते हुए आदमी भी वंदन लाभ उठा सकते हैं किंतु इतना सहज लाभ निरा-कार प्रभु की कल्पना से न होगा। अतः हृदय में कल्पना करने की अपेक्षा

उत्तम तो यह है कि हम चिरस्थायी मंदिरों में जाकर ही प्रभु की उपासना करें कारण प्रभु की प्रतिमा साकार रूप में समक्ष रहने से हमारे भावों की उच्चता, उत्कर्षता और उज्ज्वलता उत्तरोत्तर वृद्धिगत होती है। प्रभु की उपासना भावों की प्रकर्षता के लिये ही की जाती है और उनका संभव साकार स्थापना किये बिना असंभव नहीं तथापि दुष्कर अवश्य है। गुणों का ध्यान गुणी के बिना कदापि नहीं होता है क्यों कि गुण और गुणी दोनों अन्योन्याश्रित भाव से संबंधित हैं। जब किसी के गुण की उपासना एवं स्तुत्यादि क्रिया की जायगी तब गुणी की स्थापना अत्यन्त जरूरी ही होगी। यदि गुणी की आवश्यक्ता न मानी जायगी तो गुण कहां रहेंगे? साकार मूर्ति पूजा का अवलंबन ही सर्व साधारण के लिये हितकर और श्रेयस्कर है। निराकार ईश्वर की उपासना भी साकार मूर्ति होने पर ही कर सकते हैं। ईस प्रकार करने से धर्ममार्ग में प्रवृत्ति भी शीघ्रतापूर्वक हो सकती है। वास्ते निराकारोपासना की अपेक्षा साकारोपासना में प्रत्यक्ष स्पष्ट अनेक विशेषताएं हैं जो कि मूर्ति पूजा की व्यापकता को सिद्ध करती हैं।

## मूर्ति की प्राचीनता.

मूर्ति की सार्वभौम व्यापकता और महत्ता प्रमाणित कर चुकने के अनंतर मूर्तिपूजा की प्राचीनता पर भी किंचित् प्रकाश डालना अत्यतावश्यक प्रतीत होता हैं। वैसे तो इस विषय में परमादरणीय, सुलेखक, इतिहास प्रेमी मुनिवर्य श्री ज्ञानसुंदरजी म. सा. ने अपने "मूर्तिपूजा के प्राचीन इतिहास" द्वारा विशद एवं पर्याप्त प्रकाश डाला है तथापि उन्हीं के आधार पर हम भी यहां संक्षेप में सामान्य उल्लेख करना आवश्क समझते हैं।

मूर्तिपूजा यह नवीन प्रणाली और मनगढंत कल्पना कदापि नहीं मानी जा सकती है। क्यों कि इसकी प्राचीनता के सूचक और द्योतक अनेक शास्त्र सम्मत प्रमाण अद्यावधि विद्यमान हैं जिन पर विशद प्रकाश आगे के प्रकरणों में डाला जावेगा यहां तो केवल ऐतिहासिक प्राचीनता सूचक कतिपय बातों का ही उल्लेख करना है। गौड़ देश के आषाढ़ नामक श्रावक ने इक्कीसवें तीर्थंकर श्री नेमिनाथ भगवान् के २२२२ वर्ष के पश्चात् तीन प्रतिमाएं बनवा कर उनकी चारूप नगर, श्री पत्तन नगर एवं स्तंभन नगर में प्रतिष्ठा करवाई थी। इन तीनों प्रतिमाओं में से स्तंभन तीर्थ में श्री पार्श्वनाथ प्रभु की प्रतिमा प्राचीनता के प्रमाण स्वरूप वर्तमान में भी विद्यमान है उसके पृष्ठ भाग पर एक शिला लेख भी अंकित है जो कि उपरोक्ताशय की ही सिद्धि करता है। वह इस प्रकार है:—

नमेस्तीर्थकृतस्तीर्थे, वर्षे द्विक चतुष्टये।
आषाढ श्रावकोगौडोऽकारयत् प्रतिमा त्रयम्॥

श्रीतत्वनिर्णयप्रासाद पृष्ठ ५३४.

(अपूर्ण.)

# અર્હંત દર્શન અને ઈશ્વર.

લેખકઃ-મણીશંકર કાળીદાસ વૈદ્યશાસ્ત્રી. (જામનગર)

( ગતાંક પૃષ્ઠ ૩૨૭ થી અનુસંધાન. )

વળી જીવ પોતેજ બ્રહ્મ અને એકજ બ્રહ્મ આ જગતમાં જીવ રૂપે છે, પણ અનેક નથી એ તમારી માન્યતા શી રીતે ટકી શકશે. જો એક જ બ્રહ્મ સકળ જગતમાં અભિન્નપણે છે તેમ કહેશો તો એક જીવ સુખી થતાં સહુ જીવો સુખી થવા જોઇએ અને એક જીવ દુઃખી થતાં સર્વ જીવો દુઃખી થવા જોઇએ પણ તેમ થતું નથી. જો એમ જ બને તો એકજ જીવના મોક્ષથી તમામ જીવો મોક્ષે જવા જોઇએ કારણ કે તમારી માન્યતા મુજબ જીવ એકજ છે. વળી તમારી માન્યતાનો સ્વીકાર કરીએ અને બ્રહ્મ જ જીવરૂપે થયા છે તેમ માનીયે તો પછી બંધ મોક્ષ જેવું કોઇ તત્ત્વ જ નહિ રહે, કારણ જીવ તે જીવ નથી પણ બ્રહ્મ જ જીવરૂપ ઇચ્છાથી થયો છે તેમ માનતાં બધી ધર્માધર્મ કે બંધ મોક્ષની જરૂરિયાત નહિ જ રહે.

એક વાત યાદ આવે છે કે પરમાર્થ દૃષ્ટિએ ભલે સત્તારૂપે તમામ જીવો એક હોય, પણ જીવ યોનીરૂપે જીવો પરસ્પરથી ભિન્ન છે. એટલે જે જીવ કર્મ ક્ષય કરે તેજ જીવ મોક્ષ મેળવે અને બીજો પોતાની પ્રાપ્તબંધન દશા કે જે સ્થિતિમાં હોય ત્યાં જ રહે. જીવ સત્તા રૂપે બ્રહ્મથી અભિન્ન માનવામાં અર્હંત્ દર્શનનો વિરોધ નથી અને અર્હંત્ દર્શન પણ જીવને સત્તા રૂપે બ્રહ્મની સત્તા જેવો જ સ્વીકારે છે, પણ વ્યવહાર દૃષ્ટિએ જીવ એ બ્રહ્મથી ભિન્ન અને કર્મોથી જોડાએલો છે અને તે કારણે જ શાસ્ત્રોની તેમજ સત્પુરૂષોની આવી પ્રવૃત્તિ છે. અને તે શાસ્ત્રની આજ્ઞાનું પાલન કરી પુરૂષાર્થ કરવાથી જીવ બ્રહ્મરૂપતા પ્રાપ્ત કરી શકે છે.

કેવલાદ્વૈતવાદીઓ પણ શાસ્ત્રાજ્ઞા તેમજ નિયમ, વ્રત, આચાર, આશ્રમ-ધર્મોનો સ્વીકાર કરે છે, પણ તેઓ કહે છે કે તે તો માત્ર વ્યવહાર દૃષ્ટિ પુરતું જ આ અમારૂં મંતવ્ય છે. તેના સમાધાનમાં અર્હંત્ દર્શન કહે છે કે જો સત્યને જાણવા ઇચ્છો તો જીવો અસંખ્ય છે, પરસ્પર ભિન્ન છે. તેમજ જીવ અનાદિકાલથી, કર્મબંધનથી બંધાઇ ગયેલો છે. આ નિયમે વિધવિધ જીવો, અનાદિ બંધપણું અને મુક્તિનાં પુરૂષાર્થની ઉપયોગીતા તમારે જરૂર સ્વીકારવી પડશે.

આ ઉત્તર પાશ્ચાત્ય વિશ્વદૈવવાદ માટે પણ પૂર્ણ છે. કારણ કે તે વાદ પણ વેદાંતની પેઠે જગત્‌ને અસત્ માની તેનો નિષેધ કરે છે. તેમજ સકળ જગતના પદાર્થોની ના કહે છે તેથી તે સિદ્ધાંત સાથે અધિક ચર્ચા કરવાનું રહેતું જ નથી. તેથી ઉપરના કેવલાદ્વૈતવાદને આપેલું સમાધાન તેજ આ વિશ્વ-દૈવવાદ માટે પૂર્ણ છે.

પાતંજલી દર્શનમાં ઇશ્વર વિષે આપણે આગળ કહેલ છે અને તે દર્શનને મળતો જ વાદ મધ્યકાળમાં યુરોપમાં પણ જન્મ્યો હતો. અને યોગ દર્શન પ્રમાણે તેમાં પણ ઇશ્વિર "પૂર્ણ સત્વ" Perfect Being અને બીજા શબ્દોમાં કહીયે તો વિશ્વપિતા કહી શકાય છે. આ પૂર્ણ સત્વવાદીઓ તે યુક્તિવાદીઓ તરીકે ઓળખાય છે. માણસ વ્યક્તિ અલ્પજ્ઞ છે, મોહાધીન છે તેથી તે બ્રહ્મ-રૂપ શી રીતે થઇ શકે અગર તેની ધારણા પણ શી રીતે કરી શકે. માટે એક જ પરિપૂર્ણ તત્વ છે અને તેજ તત્વ એ ઇશ્વર છે.

આ પશ્ચિમના તત્વજ્ઞાનને અનુકૂળ રહી આન્સેલ્સ-ડે કાર્ટ વગેરેએ પોતાના સિદ્ધાંતોનો પ્રચાર કર્યો છે. અને આ પૂર્ણ સત્વવાદનો વિરોધી પ્રાશ્ચાત્ય વિચારક કાન્ટે તેમનો વિરોધ પણ કર્યો છે. તેવીજ રીતે ભારતનાં યોગદર્શનમાં જે ઇશ્વરવાદ છે તેના સામે વાંધો ઉઠાવ્યો હતો. અને તે વાંધો ઉઠાવનાર ભોજ-વૃત્તિમાં જણાવે છે કે—

**यद्यपि सामान्य मात्रेऽनुमानस्य पर्यवसि तत्वात् न विशेषावगतिः सेनवति, तथापि शास्त्रादय सर्वज्ञत्वादयो विशेषा अवगन्तव्याः।**

ઉપરથી નિરતિશયજ્ઞાનનાં આધારભૂત એવા ઇશ્વરનું અનુમાન કરવામાં આવે છે તે એક નિર્વિશેષ સામાન્ય ઉપલબ્ધિ સિવાય બીજું કશુંય નથી. ઇશ્વર એ સર્વોપરી માનનારને, તેનાં ક્યાં વિશિષ્ટ ગુણનો પરિચય થયો છે. આ વિચારને અનુકુળ કાન્ટ પણ પૂર્ણ સત્વવાદીઓને ગર્જના સાથે કહે છે.

હવે સાંખ્ય દર્શન યોગની સાથે ઘણી બાબતમાં મળતું હોવા છતાંયે યોગ દર્શનની ઇશ્વર સંબંધી માન્યતાથી તે જુદું જ પડે છે. પાતંજલી જેવા કૈવલા-દ્વૈતના ઇશ્વરને પ્રમાણ નથી ગણતા, તેવી જ રીતે અર્હત્ દર્શન પણ અદ્વિતિય ઇશ્વરનો સ્વીકાર કરતું નથી.

હવે આપણે માત્ર મીંમાસકોને ઉત્તર આપવાનો છે અને તે પણ બહુ જ ટુંકમાં કારણ કે તેમાં કહેલ સર્વજ્ઞત્વપણું એ સિદ્ધ થઇ શકતું નથી. કારણ કે સર્વજ્ઞને વાણી ન હોય એ તેનો બચાવ છે. મફત દર્શન તેને જણાવે છે. આગમ તમારા વેદો પેઠે અમે અપૌરૂષેય નથી માનતા પણ સર્વજ્ઞ કથિત છે, અને સર્વજ્ઞ ને વાણી હોય તો વાણી અને સર્વજ્ઞતા પરસ્પર વિરોધી નથી. **सिद्धाः आख्यास्तु सिद्ध** નું જ્ઞાન જેનામાં છે, તેવા અરિહંતાદિક પણ સર્વજ્ઞ જ છે તેથી અરિહંતને સિદ્ધ કહી શકાય છે. વલી વેદોને તમો જ્યારે અપૌરૂષેય માનો છો છતાં વેદની વાણી અપૌરૂષેયને શી રીતે ઘટી શકે એ પ્રશ્નોનો ઉત્તર તમે જે આપી શકો તેજ ઉત્તર અમારો અર્હત્ દર્શનનો છે. હવે આપણે અર્હત્ દર્શનની માન્યતા પ્રમાણે ઇશ્વર તત્વકોને કહીશું તે વિચારવાનું છે.

(અપૂર્ણ.)

# 卐 सार्वधर्म 卐

लेखक-श्री विजययतीन्द्रसूरिजी महाराज.

किसीके सत्यस्वभावको ही धर्म कहते हैं, जैसे जल का धर्म शैतल्य अग्नि का उष्णत्व। सार्वत्रिक एवं सर्वात्मिक प्रकृत स्वभावको यहां सार्वधर्म कहा गया है। सर्व आत्माएं गुण विशेष से जब एक हैं तो उनका सर्व स्वभाव भी एक ही होगा आत्माके स्वभाव की कार्यपरिणति धर्माचरण है। आत्मा जब रागादिक अवगुणों से भृत हो जाती है उस समय इसके प्रकृत स्वभाव में न्यूनाधिक परिवर्त्तन हो जाता है। राग एवं द्वेष पाप है और इनका आचरण पापाचरण है।

संप्रति संसार में अनेक धर्म हैं। सर्व चैतन्य आत्माएं एक रूप हैं और सराग-सद्वेष आत्माएँ विविध रूप हैं। ये सब धर्म एक समय जन्य नहीं है। जब जब चैतन्य आत्मा के प्रकृत स्वभाव में परपीडक परिवर्त्तन होता है तब तब ही इनका अवतरण हुआ है। धर्म सुख की प्राप्ति का एक मात्र साधन है। आत्म लक्ष्य भी अनन्त सत्य, शिव, सुन्दर सुख की प्राप्ति है और धर्म इसका साधन है। वह सुख चाहे इसलोक में प्राप्त हो या परलोक में या अन्यत्र कहीं। जब आत्मा कर्मों से परिवेष्टित हो कर शरीरावस्थामय जन्म को धारण करती है तब इसके प्रकृत धर्म में परवशता आ जाती है। यह परवशता अज्ञान मोहादि कर्मों के कारण होती है।

आत्मा के अन्तर्जगत् का कार्यकलाप सदाचार है और बाह्यजगत् का कार्यकलाप व्यवहार है। सर्व आत्माओंके कार्यकलाप भिन्न भिन्न होते हैं, अतः इनके व्यवहार भी भिन्न होते हैं। आत्मा जब जागृत होती है तब वह बाह्य जगत् से स्वतंत्र होने की चेष्टा करती है, उसका यह सत्याग्रह क्रान्ति है। सर्व धर्म क्रान्ति के समय एक थे जो शिवसुख को प्राप्त करने के लिये स्थापित हुए। जिनसे अर्थ, काम, मोक्ष प्राप्त हो वह धर्म भी एकरूप ही होना चाहिये, ऐसा एक ही धर्म सार्वधर्म है उनका लक्ष्य एक है परन्तु पंथ भिन्न भिन्न हैं। ध्येय प्राप्तिके साधन उन्हें हम सिद्धान्त कह सकते हैं और वे भिन्न हो सकते हैं उनकी परिभाषाएँ भी भिन्न हो सकती हैं लेकिन ध्येय सबका एक ही होगा। अनन्त सुख धर्मोंमें विद्यमान हैं, सभी धर्मोंने सार्वधर्म बनने की कोशिश अवश्य की है और वह यथाशक्ति इस प्रयास में सफल भी होता है। किसी धर्म को पूर्ण सफलता प्राप्त न ही हुई तो इसमें धर्मका कोइ दोष नहीं है, दोष था प्रचार का। प्रचारक त्रुटियां कहां करते हैं। यह भी बताना आवश्यक है।

संसार परिवर्त्तन शील है अतः सुख एव शान्ति जो हम इस परिवर्त्तनशील संसार में प्राप्त करना चाहते हैं वे भी परिवर्त्तनशील होने ही चाहिये। लेकिन हम सिद्धान्तों को ध्येय मान चुके हैं, उनमें परिवर्त्तन करना अब हमे नहीं रुचता। यही एक मात्र कारण है कि कोई भी धर्म सदा के लिये सार्वत्रिक एवं सार्वजनिक नहीं हो सका। वर्त्तमान धर्मों में श्रेष्ठ धर्म कौनसा है यह निर्णय देना अनुचित है इतना लिखना अवश्य समीचिन होगा कि वह धर्म जिसमें कि अहिंसा, सत्य, अचौर्य, अमैथुन, अपरिग्रह पर विशेष जोर दिया गया हो, वह धर्म सार्वधर्म बनने की क्षमता रखता है। चाहे वह जैन हो अथवा अन्य कोई दूसरा। विश्व के समस्त धर्मसंस्था में हिंसा, चौर्य, मैथुन, मृषावाद आदि का एक स्वर से खंडन करती हैं। उन्हें पाप, अवगुण बताती हैं और त्याज्य कहती हैं।

आदर्श जीवन बनाने पर प्रत्येक संस्था जोर देती है। अपने पूर्वज महापुरुषों अवतारों का स्मरण पूजन कराती हैं। यदि कोई शंका करे कि आत्मा सब प्राणियों में एक है। कीड़ी से लेकर कुंजर तक की आत्मा एक सदृश ही है तो अमुक-अमुक धर्मों में हिंसा मंडन क्यों किया गया है। उदाहरणार्थ इसलाम धर्म को ही लीजिये। यह धर्म एक ऐसे समय एवं देश में उत्पन्न हुआ था जब कि वहां अन्न भी उत्पन्न नहीं होता था। उस समय अनेक प्रकार के अभक्ष्य पदार्थ खाये जाते थे। पैगम्बर मुहम्मदने उस समय के लिये मांस भक्षण का निर्देश किया, परन्तु जब वह समय निकल गया, खाद्य सामग्री प्रचुर मात्रा में मिलने लगी, ऐसी अवस्था में मांस भक्षण का मंडन करना पैगम्बर मुहम्मद के सिद्रान्त को न समझना और पाप है। यह निश्चित है कि मांसभक्षण का आदेश देना भी पैगम्बर के लिये धर्म विरुद्ध है या था।

अब कहने का आशय यह है कि अर्थ, काम और मोक्ष धर्म से प्राप्त होते हैं और उनको प्रत्येक जाति, देश, समाज अपनाता है और एक ही रूप में। मनः पर्याय सब आत्माओं के देश काल स्थिति के अनुसार परिवर्त्तन होते हैं। अतः शिवसुख प्राप्ति के साधन में भी विविधरूपता आती है, लेकिन इस परिवर्त्तनता में भी लक्ष्य तो सदा एक ही रहता है। वह यह कि सत्य, शिवसुख की प्राप्ति। संसार में जैन, सनातन, वैदिक, इसलाम, इसाई, पारसी, बौद्ध आदि अनेक धर्म हैं। जैनधर्म यह स्वयं स्वीकार करता है कि आदि में (कालविशेष में) धर्म नाम की संस्था नहींवत् थी। आदि पुरुषों के जीवन सुखप्रद थे, स्वर्गीय आनन्द का रसास्वादन सर्वत्र था। जब मनःपर्याय में परिवर्त्तन हो गया तो दुःख का अंकुर मानवजीवन में

उत्भूत होने लगा। निदान एक ऐसी संस्था की आवश्यकता थी जो दुःखांकुर को नष्ट कर दे। इसके लिये चाहे जैनधर्म नामक संस्था स्थापित हुई हो या और कोई, परन्तु धर्मसंस्था कायम हुइ। मानव जीवन में आते हुए विकारों को रोकने में वह प्रयत्नशील रही। वास्तव में सभी धर्मों का एक लक्ष्य यही है कि सुखशान्तिका विस्तार हो। मानव को क्या प्राणिमात्र को सुखशान्ति प्राप्त हो, बस इसी सिद्धान्त को लक्ष्य में रख कर जो निवृत्ति मार्ग का दर्शक हो वही सार्वधर्म कहाने योग्य है। शमिति।

---

# चटपटी अजब मिठाई का स्वाद् चाखिये।

लेखकः-मुनी भद्रानंदविजय. बिलाड़ा (मारवाड़.)

प्यारे पाठकों, आज हम आपके सामने एक ऐसी अनोखी मिठाई लेकर उपस्थित होना चाहते हैं, जिसे पाने की मनिषा समस्त प्राणीमात्र के मानस भवन में एकसी लगी रहती है, जिसे प्राप्त करनेके लिये बड़े २ सिद्ध महात्मा तक सर्वथैव लालायित रहते है, जिसके लिये घोरातिघोर तप का आचरण करते हैं, जिसके लिये घरदार तक को तिलांजलि देने में तनिक भी नहीं सकुचाते हैं, और जिसके लिये समस्त सुखसाजों को लात मारकर परिषहोपसर्ग को सहर्ष स्वीकार करते हैं। तो भी इस अनुठी मिठाई की माधुरी को बिरले ही चख पाते हैं। वाहरी मिठाई, धन्य है महिमा तेरी, जिसे देखो वही तुझे पाने के लिये पागलसा बना जाता है—समस्त सांसारिक व्यापारों को भुलाकर फकीर बन जाता है। क्यों? है न अलबेली अनौखी मिठाई। क्यों, नहीं जानपाये, तो लो मैं ही तुम्हें चखा दूं और उसके स्वर्गसे भी ऊंचे नाम को बतला दूँ। क्या कहा? स्वर्ग से भी बढकर है। हां, हां, स्वर्ग से करोड़ों गुना बढकर हैं। तो वह क्या है? एक मात्र मोक्ष है इसे ही मुक्ति भी कहते हैं। बस, यही तो हमारो प्यारी मिठाई है।

अहाहा!!! कितना श्रुतिसुंदर शब्द है, इसके नाद ही से मन मयूर मत्त हो नाच उठता है। मानस सरोवर आनंद की उत्ताल तरंगो से लहलहाने लगता है, और इसे चखने के लिये चित्त रुपी चातक आठों याम छटपटाया करता है। जब इसके नादही में इतना गजब भरा हुवा है तो इसकी प्रत्यक्षता में कितना अवर्णनीय रस भरा होगा, जिसकी पूर्णतया कल्पना करना शक्ति से परे है। यदि २ इसे एक बार भी चखलिया तो "यावत्चन्द्रदिवाकरौ" तक तृप्त हो गये न फिर कभी खाना है न पीना, न भूख रहती है न प्यास हीः—

**न आना है न जाना है न जनमना है न मरना है।**
**फिकर जिकर न डरही है न खाना है न पीना है॥**
**जब खाली पेट भरकर के सकल ब्रह्माण्डमें नूठी।**
**मिठाई मुक्ति की आली मिली छुट्टी, मिली छुट्टी॥**

हां हां यही मिठाई है, यही तो समस्त जीवनतत्व का सार है, और यही तो तृप्ती का मूलभूत साधन है। इसीके वशीभूत होकर सिद्ध महात्मा दुनियादारी के प्रबल मोह को ऐसे त्याग देते हैं जैसे सूखे सरोवर को राजहंस।

अब देखना है कि यह अनमोल और अनौखी मिठाई किस प्रकार प्राप्त की जा सकती है इसके लिये हमें किंमत कितनी और किस रूप में खर्चनी होगी, यही तो विचारणीय विषय है।

**बिना मूल्य मिलती नही जग बिच कोई चीज।**
**फिर मुक्ति कैसे मिले मुफत में हरगीज॥**

किंमत तो देनी ही पडेगी, बेमोल वस्तु की किंमत भी तो अनमोल और अनौखी ही होगी; वह क्या त्याग, किसका कषायों का यही तो इसका दाम है। श्री महावीर भगवान् ने भी तो यही कहा है—"कषाय मुक्तीः किल मुक्ती रेव" अर्थात् कषायों का त्याग ही मुक्ती की मूल साधना है। किसी कवीने कहा है कि—

**राग द्वेष लोभ अरु ममता, जिसके हिरदे बीच बसें।**
**वह क्या मुक्ति रसको चाखे जटिल जाल के बीच फसें॥**

बिना त्याग के इसका मिलना अत्यंत ही दुष्कार है। इसके बिना मोक्ष की आशा करना उसी प्रकार है जिस प्रकार आकाश कुसुम का पाना। बिना त्याग के मुक्ती नहीं और बिना त्याग के ज्ञान नहीं, इसीलिये तो कहा गया है कि मोक्ष का गुरू ज्ञान है और ज्ञान का गुरू त्याग है। वैदिक सिद्धांत भी इसीको मानता है वह भी "ज्ञानादेव ही केवल्यम्" कहता है अर्थात् ज्ञान ही से मोक्ष है, नैयायिकों की भी यही कल्पना है, वेदांत भी "अविद्यानिवृत्तौ केवलस्य सुख ज्ञानात्मकात्मनोऽवस्थानं मोक्षः" जैनशास्त्र भी "कृत्स्न कर्म क्षयान् मोक्षः" इसमें किसी का भी विरोध नहीं, सत्य का न तो कहीं विरोध ही कोई कर सकता है और न इसमें विवाद ही हो सकता है।

(अपूर्ण.)

ॐ अर्हं नमः ॥

स-लावण्यसूरीश्वरनेमिनाथाय नमः ॥

# -: પ્રથમ કર્મગ્રન્થ પદ્યાનુવાદ સહિત. :-

મૂલ કર્તા:-બૃહત્ તપાગચ્છ નાયક શ્રીમદ્ દેવેન્દ્રસૂરિ મહારાજ.
પદ્યમય અનુવાદ કર્તા:-મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ.

मूल- सिरिवीरजिणं वंदिय, कम्मविवागं समासओ वुच्छं ।
कीरइ जिएण हेऊहिं, जेणं तो भण्णए कम्मं ॥१॥

પદ્યાનુવાદ.

[ મંગલાચરણ આદિ ]

શાસનપતિ શ્રીવીર જિનને, ભાવથી વંદન કરી,
કર્મના વિપાકને કહીશું જ, સંક્ષેપે કરી;

[કર્મની વ્યાખ્યા]

મિથ્યાત્વ આદિ હેતુથી જે, એકમેક કરાય છે,
આત્મ સાથે ખીર નીર સમ, કર્મ તે કહેવાય છે. (૧)

मूल- पयइ-ठिइ-रस-पएसा, तं चउहा मोअगस्स दिट्ठंता ।
मूलपगइ-ट्ठ उत्तर,-पगई-अडवन्न-सय-भेअं ॥२॥

[ચતુર્વિધ બંધની અપેક્ષાએ ચતુર્વિધ કર્મ]

પ્રકૃતિ સ્થિતિ રસ ને પ્રદેશ જ, બંધના ચઉ ભેદથી,
જાણુ ચઉવિહ કર્મને, મોદક તણા દૃષ્ટાન્તથી;

[કર્મના મૂળ ને ઉત્તર ભેદોની સંખ્યા]

તે કર્મની વળી ભાખી શાસ્ત્રે, આઠ મૂળ જ પ્રકૃતિ,
એકસો પચ્ચાસ ઉપર, આઠ ઉત્તર પ્રકૃતિ. (૨)

मूल- इह नाणदंसणावरण-वेय-मोहा-ऽऽउ-नाम-गोआणी ।
विग्घं च पण-नव-दु-अट्ठवीस-चउ-तिसय-दु-पण-विहं ॥३॥

[કર્મની મૂળપ્રકૃતિ (ભેદ)નાં નામ, તથા તે દરેકના ઉત્તર ભેદોની સંખ્યા]

પાંચ જ્ઞાનાવરણ ને, નવ દર્શનાવરણીય છે,
વેદનીય બે ભેદથી, મોહનીય અઠ્ઠાવીશ છે,
ચઉવિહ આયુ એકસો ત્રણ, નામકર્મ પ્રકાર છે,
બે ગોત્રકર્મ પ્રકાર ને, અંતરાય પાંચ પ્રકાર છે. (૩)

## ૧ જ્ઞાનાવરણીય કર્મ.

मूल- मइ-सुअ-ओही-मण-केवलाणि नाणाणि तत्थ मइनाणं ।
वंजणवग्गह चउहा, मण-नयण-विणिंदिय-चउक्का ॥४॥

[જ્ઞાનના પાંચ પ્રકાર તથા મતિભેદમાં ચાર પ્રકારનો વ્યંજનાવગ્રહ]

જ્ઞાન મતિ શ્રુતજ્ઞાન અવધિ, મનઃપર્યવજ્ઞાનને,
જ્ઞાન કેવળ પાંચમું હવે, સાંભળો મતિભેદને;
મન અને ચક્ષુ વિના ચઉ, ઇન્દ્રિયોથી જાણુને,
વ્યંજનાવગ્રહ તણા, ચઉ ભેદ ચિત્તે આણુને. (૪)

मूल- अत्थुग्गह-इहा-वाय,-धारणा करण-माणसेहिं छहा ।
इअ अट्ठवीस-भेयं, चउदसहा वीसहा व सुअं ॥५॥

[મતિજ્ઞાનના અર્થાવગ્રહ આદિ ૨૪ ભેદો, ૪ વ્યંજનાવગ્રહ મળી, કુલ ૨૮ ભેદો]

જાણુ અર્થા-વગ્રહ જ, ઇહા અપાય જ ધારણા,
ચારેય તે છે પાંચ ઇન્દ્રિય, મન થકી છ પ્રકારના,
એમ અઠ્ઠાવીશ ભેદો, જાણવા મતિ જ્ઞાનના,

[શ્રુતજ્ઞાનના ઉત્તરભેદોની સંખ્યા]

ચૌદ અથવા વીશ ભેદો, જાણવા તજ્ઞાનના. (૫)

मूल- अक्खर-सन्नी-सम्मं, साईअं खलु सपज्जवसिअं च ।
गमिअं अंगपविट्ठं, सत्त वि एए सपडिवक्खा ॥६॥

[શ્રુતજ્ઞાનના ૧૪ ભેદો]

અક્ષર અનક્ષર સંજ્ઞિને, અસંજ્ઞિને સમ્યક્ અને,
મિથ્યા તથા સાદિ અનાદિ, ને સપર્યવસિત ને,
અપર્યવસિત ચિત્તે આણીયે, વળી ગમિક ને અગમિક ને,
અંગપ્રવિષ્ટ જ અંગબાહ્ય જ, જાણ એ શ્રુત ચૌદને. (૬)

मूल- पज्जय-अक्खर-पय-सं,-घायापडिवत्ति तह य अणुओगो ।
पाहुडपाहुड-पाहुड,-वत्थू-पुव्वा य स-समासा ॥७॥

[શ્રુતજ્ઞાનના પર્યાયશ્રુત આદિ ૨૦ ભેદો]

જાણો વળી પર્યાય અક્ષર, પદ અને સંઘાત ને,
પ્રતિપત્તિ ને અનુયોગ ને, પ્રાભૃત પ્રાભૃત શ્રુત ને;
પ્રાભૃતશ્રુત ને વસ્તુ ને, વળી પૂર્વ એ શ્રુતદશકને,
જાણો સમાસ સહિત શ્રુતના, વીશ ભેદો શુભ મને. (૭)

(અપૂર્ણ)

# છેલ્લું સંવેદન.

લેખક:-સ્વ૦ શ્રી ચીમનલાલ ન્યાલચંદ મહેતા.
[સંપાદક:-બાપુલાલ કાલિદાસ સંઘાણી 'વીરબાલ' બોરવાડા ]

શ્રી અરિહંત પરમાત્મા કે જેમણે પોતાના આત્માને અરિ એટલે દુશ્મનો રાગ, દ્વેષ, અજ્ઞાન વગેરેને આત્મ વિચારણાએ ઓળખી, આત્મવીર્ય સ્ફુરાયમાન કરી, પ્રચંડ ધ્યાનયોગે નાશ કરી પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી કાયમના માટે અનંત આનંદની સ્થિતિ પ્રાપ્ત કરી છે. તેમને આપણા નમસ્કાર થાઓ, અને તે મહાન સિદ્ધ સ્વરૂપી મહાત્માનું આપણને શરણ પ્રાપ્ત થાઓ, તેમજ તે મહાત્માઓએ જે રસ્તે પોતે ચાલી પોતાના આત્મ શત્રુઓને હઠાવેલ છે. તે રસ્તો જગતના મોહગ્રસ્ત જીવોના ઉપકાર અર્થે બતાવી આપણા ઉપર પરમ ઉપકાર કર્યો છે. તે શુભ રસ્તો કે જે જૈનધર્મના નામે ઓળખાય છે, તે સત્ય ધર્મનું અને તેના સંચાલક, તેમજ તે મુજબ પોતાનું જીવન ગાળવા મથતાં પુનિત મુનિમહારાજોનું પણ આપણને દરેક ભવમાં શરણ પ્રાપ્ત થાઓ.

હે જીવાત્મા! આજે તારી વ્યાધિગ્રસ્ત સ્થિતિ તારા ચિત્તને બહુ જ કલુષિત બનાવી રહી છે. તારૂં ચિત્ત મોહગ્રસ્ત હોવાથી જગતના વસ્તુ સ્વરૂપનું તને વાસ્તવિક જ્ઞાન ન હોવાથી, દેહ એજ આત્મા છે આવું વિપરીત તને ભાન હોવાથી, તને આ શરીર છોડવું બહુ અસાધ્ય લાગે છે અને તેથી તું બહુ જ અનિષ્ટ પરિણામ સેવી આ તારા આત્માનું અકલ્યાણ છેવટના ટાઇમે પણ કરી રહ્યો છે. પણ તું તારી વિવેક બુદ્ધિને જાગૃત કરી વિચાર કે ખરેખર તું કોણ છે? તું એક એવું તત્વ છે કે, જેનામાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્યનું અસ્તિત્વ છે. જે સદા સર્વદા સર્વ જગોએ હાજર છે. જે અજન્મ-અવિનાશી છે. અનંતકાળ પહેલાં પણ તે હતું. અને અનંતકાળ પછી પણ તે હશે, અનંત કર્મસમૂહો દેહરૂપે તને વળગ્યાં, ભોગવાયા, ખરી ગયા. અને નવીન મળ્યા છતાંયે સત્તા રૂપે તું તો તેનો તેજ છે. પણ બન્યું છે એવું કે તારા તે સત્ય સ્વરૂપને તું ભુલી ગયો છે અને જે ક્ષણે ક્ષણે નાશવંત, ભયંકર દુઃખપારિણામિક એવું જડ પુદ્‌ગલ દ્રવ્યના બનેલ દેહને સ્વમાની, તેની સુશ્રુષામાં તેની પ્રત્યેક ઇંદ્રિયની ઇચ્છાને તૃપ્ત કરવા બહુ જ પ્રયત્નો કરવામાં અને તે પ્રયત્નો કરતાં પણ ઈન્દ્રિય તૃપ્તિ ન થાય. તો ખેદ કરવામાં તું ત્હારો અમુલ્ય વખત ગુમાવી રહ્યો છે અને તેમ કરવામાં તારા આત્મ સ્વરૂપ ઉપર જુદા જુદા પ્રકારના કર્મ આવરણનાં અનંત પડો ચડાવી કેટલીએ ભવિષ્યની જીંદગીઓ દુઃખમય ભોગવવાનું તું પોતે નિર્માણ કરી રહ્યો છે. તેની તને કેમ વિચારણા નથી?

હે આત્મન ! આ શરીર જેવાં અનંત શરીરો દેવ, મનુષ્ય, પશુ, પ્રાણી અને તેથીએ સુક્ષ્મ યોનીનાં તને અનંત વખત કર્મના યોગે મળ્યાં છે, અજ્ઞાનવશે તેં તે તે શરીરોદ્વારા અનંત વખત વિષયના પદાર્થો ભોગવ્યા છે. ચક્રવર્તી દેવેન્દ્રના શરીરદ્વારા પાંચે ઇન્દ્રિયના ઉત્કૃષ્ટ વિષયો તેં ભોગવ્યા છતાં વિષય ભોગની તૃષ્ણા તારી સંતોષ ન જ થઇ, એટલું જ નહિ પણ ઉલટી તે તૃષ્ણા અનંત ગણી વર્ધમાન થઈ છે. આ બતાવે છે કે જગતના દેખાતા સારા પદાર્થો, સુંદર ગાનો, રમણિય દેવાંગનાઓ, મિષ્ટાન ભોજનો વગેરે ઇન્દ્રિય ભોગ્ય વસ્તુઓ જરા પણ સુખજનક નથી. જો તે કાયમની સુખજનક હોત તો દેવેન્દ્રાદીના દેહમાં તે વસ્તુ મળેલ છતાં કાયમનું સુખ કેમ ન મળ્યું ? અને આ અનંત દુઃખજનક સંસારમાં ભમવાનું કરમે કેમ રહ્યું ? વાસ્તવિક દ્રષ્ટિએ આ વસ્તુઓ સુખજનક હોવી તો દુર રહી પણ ભયંકર આત્મઘાતી વસ્તુઓ હોઈ, આત્માર્થી જીવે તેનાથી બહુ ચેતવાની ક્ષણે ક્ષણે જરૂર છે.

આ જગતમાં પ્રત્યેક જીવાત્મા સુખ મેળવવા ચાહે છે અને તેથી તે મેળવવા તેના બધા પ્રયત્નો હોય છે. વિદ્વાન પુરૂષો સુખની વ્યાખ્યા આપે છે કે, "જે સદા સર્વદા સુખ રૂપે રહે યાતો જે સુખના અંતે દુઃખ ન હોય તે સુખ" હે ભાઇ ! વિચાર કર, કે ગમે તેવું ચક્રવર્તીપણું, અનંત રૂદ્ધિ, મલે છતાંયે તેનો એક વખતે અંત આવવાનો હોઈ, તેને છોડી એક વખત ચાલ્યા જવું નિશ્ચિત હોઇ તે વખતે ઘણા વખતની તે અપાર સુખ ભોગવતા જીવાત્માને તે છોડતાં કેટલી વેદના થશે ? શું આ સુખ કહી શકાશે ? નહિ જ, હવે આવું અંત વગરનું સુખ જગતમાં કયાં છે. તે વિચારીએ, મોહગ્રસ્ત જીવોની બુદ્ધિ પૂર્વ ઉપાર્જિત કર્મ સંસ્કારોની ઘડાયેલી હોતાં વાસ્તવિક સુખ મેળવવાના સત્ય રસ્તાનું ભાન ન થયેલ હોતાં તે જીવો બિચારા સંસારના દેખાતા નામ રૂપ વાળા પદાર્થો મેળવવામાં અને ભોગવવામાં સુખ મલતું હોય એમ માને છે. તેથી તે પદાર્થો મેળવવા આરામ છોડી રાતદિન પરિશ્રમ કરે છે. પૂર્વકર્મ સાનુકુળ હોય તો તે પદાર્થો મલે છે. તે પ્રાણી ક્ષણિક સંતોષ મેળવે છે. પણ તેટલામાં તો પદાર્થ નાશવંત હાથે કર્મશક્તિની યોજના અનુસાર તેની પાસેથી દુર થઈ જાય છે, તે વખતે પેલા બિચારા પ્રાણી ઉપર દુઃખના ડુંગર તુટી પડે છે. બીજો આત્મા કે જે જગતના પદાર્થો મેળવવા આકાશ પાતાળ એક કરે છે. પણ પૂર્વકર્મ પ્રતિકુળ હોવાથી તે વસ્તુ તેને નથી મલતી તેથી ખેદ, ચિંતા, ફિકરમાં ગમગીન રહે છે. હે આત્મન્ ! બન્ને જીવોના પ્રયત્નો તદ્દન ઉલટી દિશામાં હોઇ સુખ મળવું તો દુર રહ્યું પણ ઉત્તરોત્તર આત્માની અધોગતિ થતી હોઈ દુઃખના ડુંગરો ખડા કરે છે. (અપૂર્ણ.)

# જૈન યુવક સંઘોની જરૂર!

*લેખક-સ્વ૦ શાન્તમૂર્તિ સદ્‌ગુણાનુરાગી શ્રી કર્પૂરવિજયજી મહારાજ.*

[ સં. ૧૯૮૪-૮૫માં એક હસ્તપ્રત ઉપર લખાયેલો આ લેખ આજ તેર ચૌદ વર્ષ પછીએ એટલો જ મહત્વનો ધારી અહીં ઉતારવામાં આવે છે. વૃદ્ધાવસ્થાએ પહોંચેલા દેહનો યુવાન આત્મા આપણને જે ઉદબોધન આપી ગયો છે. તે આપણને આજે પણ હલાવી નાંખે એવું જોરદાર છે.

[ **સંપાદક-બાપુલાલ કાલિદાસ સંઘાણી 'વીરબાલ' બોરવાડા.** ]

આજે પડોશમાં જે પ્રગતિ, જે બળ, જે તાકાત જે સંગઠ્ઠનનો કુચકદમ વિકાસ થઈ રહ્યો છે, તેવા એરોપ્લેનની ઝડપે આગળ વધતા સમયની સપાટીમાં જૈનો પાછળ પડી જાય એ ખરે જ શોચનિય કહેવાય અને છે. આજ પહેલાંની આધ્યાત્મિક અને આધિભૌતિક ઉન્નતિના કોઈપણ યુગબલમાં જૈનત્વ (Jajnisam) કદી પાછું પડ્યું જાણ્યું નથી. જૈનોએ દુનિયાને એકેએક ક્ષેત્રને મોખરે ઉભા રહે એવા મહાપુરૂષોની ભેટ ધરી છે. જૈન ઇતિહાસમાં એક એવો વર્તમાન-કાલીન જ કાળો સફો છે કે જેમાં જૈનો યુગબળો સાથે પ્રયાણ કરવામાં મોળા પડી ગયા છે. હિંદુસ્થાનના કોઇપણ શહેર ઉપર નજર ફેરેવો ત્યાં નગરશેઠાઇનો વારસો આજે પણ જૈનો ધરાવે છે. આનો અર્થ શો છે ? એજ કે જૈનો એક-માર્ગી ન હતા. સ્વાર્થી અને અદૂરદર્શન નહોતા, એમનું ઓજસ કાર્યના દરેક દરેક દ્રષ્ટિબિંદુ ઉપર ફરી વળતું અને એ લાક્ષણિક સ્વભાવથી અધિપત્ય જૈનોને વરતું. પણ આજે આપણે શું જોઈએ છીએ ? વ્યવહારિક કે નૈતિક જીવનમાં ધાર્મિક અને આધ્યાત્મિક ક્ષેત્રમાં રાજદ્વારી અને પ્રજાકિય તખ્તા ઉપર જ્યાં જોઇએ ત્યાં જૈનોનું દ્રષ્ટિબિંદુ શું છે, એના આશયને માફક શું છે, એના સિદ્ધાંતોની પ્રતિકુળ શું છે અને એના મર્મસ્થાનોને દુઃખ શાથી થશે, એનો વિચાર કરવા કોઇને ઇચ્છા નથી. અવકાશ નથી રે! ગરજ નથી, કેમ હોય ? જે સમાજમાં યુવાની મોળી પડી હોય, પરવારી બેઠી હોય, સત્ય, આદર્શ અને જીવના ધ્યેયને ખાતર પ્રતિકુળ બળોને પડકારવાની વૃત્તિ મરી ગઇ હોય એવી નિષ્પ્રાણ પ્રજાને છુંદવા-કચરવા અને સતાવવા કોને મન થાય ભલા! આ લખું છું ત્યારે પૌર્વાત્ય વીર પુરૂષોની બહાદુરીનું પુનિત સ્મરણ થાય છે. અને હૃદય દ્રહે છે. અંતરમાંથી ધ્વનિ થાય છે. કે **तेह्निनोदिवसागताः** (અમારા એ પ્રભાવક દિવસો ક્યાં ગયા.)

જરા સિંહાવલોકન કરીએ. જ્યારે વેદની પુન્યશ્લોક શ્રુતિઓનો અર્થ હિંસા અને માનવતાના નાશમાં યોજાયો, ઉદરંભરી લોકો એ ધર્મની લગામ

હસ્તગત કરી, તેનો યથેષ્ઠ સ્વચ્છંદપણે દુરૂપયોગ કર્યો અને આધ્યાત્મિક વિકાસના ક્ષેત્રમાં પણ અમુક જ વર્ણોનો અધિકાર છે એવો શબ્દ છળ પસાર્યો એવા વિકટ સમયમાં ભગવાન શ્રી મહાવીર દેવે ભારતના સત્યશોધક યુવાનોને આકર્ષ્યા અને યુવકસંઘને શ્રમણસંઘ તરીકે ઓળખાવ્યો. એ પ્રાણવાન યુવક સંઘે પ્રભુ મહાવીરના અહિંસાત્મક આદર્શને ભારતના ખુણે ખુણે પસાર્યો અને પછી ? પછી તો એ પ્રાણવાન સંઘ આખા ભારતમાં ફરી વળ્યો. આ પ્રેરણામાંથી મહારાજા સંપ્રતિ, વિક્રમાદિત્ય, પરમાર્હત કુમારપાળ વગેરે નૃપતિઓનો વિમળ, આભુ, મુંજાલ, ઉદાયન, બાહડ, વસ્તુપાળ, તેજપાળ, અને ભામાશા જેવા મંત્રીઓનો અને એમ અનેક વીર પુરૂષોનો જન્મ થયો. એ પ્રભાવક પુરૂષોએ પોતાના સમકાલિન મહાન ધર્માચાર્યોથી પ્રેરણા બળ, પ્રોત્સાહન પામી તે તે યુગોને પ્રતિકુળ બળોને વજ્રસમ પડકાર આપ્યો છે. અને પોતાના જીવન સમાન ધર્મ અને આદર્શોને ઉજ્વળ તેમજ કીર્તિવંત બનાવ્યા છે. તિર્થાધિરાજ શ્રી શત્રુંજય, ગિરનારજી, આબુ ગીરી, તારંગા અને એમ અનેક સ્થળે ઉભેલા કીર્તિસ્તંભો આજે એની સચ્ચાઇની સાક્ષી પુરે છે. આ આપણો ઇતિહાસ પૂર્વનાં ગૌરવ અને પ્રેરણા છે. એમાંથી આપણે કાંઈ નહિ મેળવીએ ? આપણી સામે ઉભેલી શીખ પ્રજાનું સંખ્યાબળ કેટલું છે ? પણ એનામાં ઉત્સાહ છે, પ્રાણ છે, થનગનાટ છે. મરવાની અને મરણ સાથે રમવાની તાલાવેલી છે. ધર્મ, જીવન, અને નીતિ ઉપર બદ નજર કરનારનો જવાબ લેવાની બહાદૂર શક્તિ છે. તો એ પ્રજાની કોઈ સંપ્રદાય, કોઇ સંસ્થા અને ખુદ સર્વભોમ સત્તા પણ છેડતી કરવા લલચાતી નથી. સૂવર્ણ મંદિરનો કબજો લેવા અને ગુરૂ કા બતામાં પ્રવેશ કરવાના પોતાના જન્મ સિદ્ધ હક્કને મેળવવા અને ભોગવવા એણે જે કુરબાની આદરી, જે અર્પણતા આચરી અને જે આત્મ સમર્પણ કર્યાં. ત્યાર પછી એવી બહાદુર યુવાન પ્રજા સામે મીટ પણ કોણ માંડે ? પ્રાંતિક ધારાસભામાં કે એસેમ્બલીમાં, પ્રજાકિય પ્રાંતિક જલસાઓમાં, મહાસમિતિ કે ખુદ મહાસભામાં આજે શીખ પ્રજાનો દ્રષ્ટિબિંદુ શો છે. તે તપાસ્યા વગર દેશના ભાવીનો કાર્યક્રમ આગળ ધપતો નથી. અને એ શીખ હ્રદયની જરાય અવગણના કરવામાં આવે તો એના ખડગસિંહો સરદારસિંહો, અને મયતાબસિંહો ઉભા થાય છે, અને એ પહાડી શરીર સિંહો સમાન ત્રાડે છે અને કહે કે, સબુર ! અમારી મહેચ્છાઓ જાણ્યા વગર તમે આગળ નહિ વધી શકો. પંડિત નહેરૂ અને અનસારી શમા દેશના સ્થંભો પણ ઘડી ભરને માટે થંભે છે. આનું નામ જુવાની ! જૈનો આ જાતની યુવાની કેળવે અને એ યુવાનીમાંથી યુવક સંઘો પ્રગટાવે એવા મારા આશા ભર્યા અનેરા કોડ છે. (અપૂર્ણ.)

# સજોડે સ્વાર્પણ.

## નેમ-રાજુલની જીવનકથા.

[લેખક:—બાપુલાલ કાળીદાસ સધાણી "વીરબાલ"]

(પુ. ૨ અંક ૮-૯ પૃષ્ઠ ૨૭૫ થી અનુસંધાન)

સ્વગૃહે પાછા ફરીને શ્રમણ જીવનની પૂર્વ તૈયારીઓ આદરી, સાધન સામગ્રી વચ્ચે વસતાં બેદરકાર રહી નેમે સ્થિતપ્રજ્ઞતાના-સાધન હિન દશામાં આનંદી વૃતિના પ્રસંગો, કસોટીઓ અજમાવવા માંડી, સ્વભોજયનો ખ્યાલ ત્યજી અર્પણતાની મોઝ માણવા વસ્તુઓ, સંપતિ વેરી નાંખી આખરે લગ્ન દિનથી બરાબર વરસ દિવસે શ્રાવણી શુકલ છઠ્ઠે ગિરનારના વૃક્ષ છોડોના બાલ્યભાવના હાસ્યે વિલસતા સહસામ્રવનમાં, વડિલોએ ઉજવેલા દિક્ષોત્સવના મંગલ ગાનમાં ત્યાગી જીવનનો સ્વીકાર કર્યો.

વિહાર કરતાં શ્રી નેમે તદ્દન મૌનવદને એકાંતે રહી, ચિંતન સાધનામાં સઘળો સમય ગાળવા માંડયો, જીવન યોગ્ય આહાર મેળવતાં પરસ્પર વિરોધી બની હરએક ઘડીએ મુંઝવણ ખડી કરતા અહિંસા, પુરૂષાર્થ, ફરજ, ત્યાગ, સ્વીકાર આદિ પ્રશ્નોને એક દોરે વીંટી લેવા મગજને તોડી નાંખતી સખ્ત વિચારણા ચલાવી, દિક્ષા દિનથી ચોપનમે દિવસે એજ સહસામ્ર ઉપવનમાં સમાધિસ્થ શ્રી નેમ તપસ્વીએ વેતસ (નેતર) વૃક્ષની છાયામાં, આશ્વિન અમાવાસ્યાએ-ગુજરાતી ભાદ્રપદઅમાવાસ્યાએ જ્ઞાન સિદ્ધિ મેળવી એ વિરોધાભાસ ઢાળી નાંખ્યો, નેમકુમાર કેવળી થયા.

દ્વારિકાના નાગરિકો વૃંદવૃંદ રખવાળ માલીના મુખે ઉપવનમાં શ્રી નેમનું આગમન જાણી ઉત્સાહભેર દર્શનાર્થે ઉલટી પડયાં, આખું રાજકુટુંબ ગિરનારની કેડીએ કેડીએ હેલકી ઉઠયું, વાહનોની લારકતાર જામી, ઉપવન નજીક આવતાં, સૌ વાહન ત્યજી શ્રી નેમના પ્રતિભાશાલી દેહનાં દર્શન કરતાં વિનયસહ વંદના કરી વચન પ્રસાદીની અપેક્ષાએ, વર્તુલાકારે વિસ્તરતા ઓજસનું અગમ્યપાન કરતાં શાંતિ અર્પતી દેહલતાને ટીકતાં બેઠાં.

ચૈત્યવૃક્ષની ગંભીર ઘટામાંથી ચળાઇને આવતા બાલસૂર્યના મીઠા રક્તતાપની ટીપકીઓથી જ્ઞાની નેમનો દેહ ઓર પ્રભા પાથરતો હતો, વંદનાને ઝીલતા શ્રી નેમે રહસ્યપૂર્ણ સ્મિત વેરતી આંખ ઉંચી કરી ચોમેર ફેરવી, સર્વત્ર શ્રવણ ઉત્કંઠાનું મૌન વ્યાપી ગયું, હજારોની માનવ મેદની જાણે કાનને આડખીલી કરતા શ્વાસોશ્વાસને દબવતી હતી. હૃદયમાં મંથન જગવતા મર્મ-

ભેદી ગંભીર ઘોષે કલામય હાથ ઝુલવતાં સાદી લોકભાષામાં જ્ઞાની નેમે અમૃત પ્રવાહ વ્હેતો મૂકયો.

"ભવ્યતાનાં પુજારીઓ! ધર્મ એટલે જીવન પ્રવાહમાં પળેપળે આવી પડતાં કર્તવ્યો આચરતાં વિવેક દ્રષ્ટિની દોરવણી સ્વીકારવી, ધર્મહીન માનવીયો પુરૂષાર્થ સેવે છે પણ ત્યાં આ દ્રષ્ટિનો અભાવ હોય છે. એ દ્રષ્ટિ અતિ શાસ્ત્રાધ્યયન કે વિશદ્ બુદ્ધિની ગેરહાજરીમાં ના ખીલવી શકાય એવી દહેસત રાખવાની જરાયે જરૂર નથી, પ્રગતિવાંચ્છુઓ! જરા સાહસ, સાચી તમન્નાથી પગ ભરતાં આ દ્રષ્ટિ ખીલી અનુભવના પગથિયે પગથિયે પ્રબળ બનતી જાય છે. આ વિવેક દ્રષ્ટિની ખોળ કયાંય બહાર કરવાની નથી, માનવ કલેજામાં એ સત્વ તૈયાર પડેલું છે. માત્ર એને પોષણની જ આવશ્યક્તા છે માનવી માત્રનો એ અનુભવ છે કે, કોઈપણ યોગ્યાયોગ્ય કર્તવ્ય આચરતાં હૃદયના અતિ ઉંડાણેથી હા કે નાનો સુર ઉઠે છે. તેજ ધ્વનિ વિવેક દ્રષ્ટિનું બી છે, અંકુર છે, તે ધ્વનિની પ્રેરણાથી તે કર્તવ્યનો અમલ કરવો એજ એ અંકુરને વિકસાવનાર ખાતર અને જળ છે. એ અંકુરની પ્રગતિને માનવી સભાન ન હોય તો કેટલીયે વાર એનો પોતાનો પૂર્વગ્રહ, સમાજનો સડેલો પ્રવાહ રૂંધી નાંખે છે. આંખ મીંચીને ચલાવાના વ્યવહારનો અને શાસ્ત્ર અધ્યયનનો ગુલામી સંસ્કાર તો કેટલીક એની તેજ ધારને બુઠ્ઠી બનાવી મૌલિકતાનો વિનાશ સર્જતાં નકલનું ઝેર રગેરગમાં ઉતારી દે છે, માનવી અસરોથી મુક્ત રહી એ સુરની દોસ્તી કરે તો એનો જીવન બાગ મધમધી રહે છે."

"એ વિવેક દ્રષ્ટિને શક્ત અને સ્પષ્ટ બનાવવા આદર્શ પૂજા, સામાયિક, પ્રતિક્રમણના કાર્યક્રમો છે, આદર્શ પૂજા લક્ષને જાગૃત રાખે છે, સામાયિક શાંતિ અર્પી શક્તિ બક્ષે છે. પ્રતિક્રમણ વડે જીવન પ્રવાહનું દર્શન કરી કચરાનું સંશોધન થાય છે, અને આ બધાંને અંતે પુરૂષાર્થ ઉન્નત પંથે વહી જીવનને અજવાળે છે."

"હે! માનવતાનાં પ્રેમીઓ! પણ ધર્મિષ્ટ તરીકે ઓળખાવવાનાં વલખાં મારતા જનતા–સમૂહને એ આંતરિક અવાજને અમલમાં લાવવો વસમો પડે છે, એટલે એ આ પ્રતિક્રમણ, સામાયિક, આદર્શ પુજાને નામે અમુક સ્તોત્ર પઠનથી જડ કાર્યક્રમો બજાવી ધર્મ પાલનની મીઠી આત્મવંચના સેવે છે. એમના જીવન પ્રવાહને રૂપ રંગથી ના અંજાતાં ઉંડાણે તપાસવામાં આવે તો આ સ્પષ્ટ તરી આવે છે. આ આત્મવંચના જીવનને અજવાળતી વિવેક દ્રષ્ટિને ભારી વિઘાતક નીવડે છે, અંકુર અક્ષય, અમર છે એટલે એના અસ્તિત્વને હરકત આવતી નથી, પણ આથી અચોક્કસ સમય લગી પ્રગતિનાં દ્વાર બંધ રહે છે."

"એ આત્મવંચનાના પ્રથમ કટુફલ લેખે ધર્મ અને વ્યવહાર વચ્ચે દ્વિધાભાવ ઉત્પન્ન થાય છે. જનતામાં આથી લગભગ એક એવો ઉપસિદ્ધાંત પ્રસ્થાપિત થઇ જાય છે કે, ધર્મ અને વ્યવહારને કોઈ સંબંધ નથી. જે પ્રતિ-

ક્રમણ આદિ કાર્યક્રમો માત્ર જીવન પ્રવાહની તકેદારી રાખવા માટે વિવેક દ્રષ્ટિના પોષક છે, સાધનો છે, તે કાર્યક્રમોમાં જ ધર્મ પ્રાપ્તિ માની લઇ જીવન પ્રવાહને-વ્યવહારને યથેચ્છાએ વિહરવા દે છે. આવી વૃત્તિની જમાવટ થતાં પેલા આત્મવંચના ધર્મના ઠઠારા વધી જાય છે. આ ઠઠારો વળી પાછો સત્યની સામે દુશ્મનાવટ રાખતો થાય છે, કારણકે એની પાછળ દ્રષ્ટિ ભુલ્યા માનવ સમૂહનું માનસ ઝળકતું હોય છે, અને બીજી યા વ્યવહાર પરથી ધર્મની ચોકી ઉઠી જતાં સમાજ અધોગતિમાં સબડે છે-સદાય એમાં વધારોજ અનુભવે છે."

"ટુંકમાં ધર્મના આ વિસંવાદી રૂપને લઇને ધર્મભ્રમણા નૈષ્ફલ્યતાના રણરેતમાં ડુકી જાય છે. અને જીવનપ્રવાહ યુગયુગ લગી અથડાતો, કુટાતો ભટક્યા કરે છે. જિજ્ઞાસુઓ ! ચેતવણી રૂપી આટલું આંગળી ચીંધણુ કરી વાસ્તવિક જે આગળ કહેવાઇ ગયું તે ફરી સ્પષ્ટ કરી કહું છું કે વ્યવહાર એટલે જીવન પ્રવાહને પંથે ઉપસ્થિત થતા આર્થિક, સામાજિક, રાજકિય પ્રસંગોએ કરાતા આચરણ ઉપર મુક્તિસાગરનું મિલન સાધવું હોય તો વિવેક દ્રષ્ટિનું આધિપત્ય હોવું જોઇએ."

"ધર્મનો બદલો વળી સત્તા, વૈભવ, રૂપ નથી, ધર્મનું ફળ છે આનંદ, કંગાલિયતમાં હાસ્ય, હૃદયની ઉચ્ચ દશા, પાપનું પરિણામ કંગાલિયત, અનારોગ્ય, પીડન નથી, પાપનો સાપ એ છે કે, સંપતિ વચ્ચે હયાના હાયકારા, કલેજામાં શાંતિના મુર્દા ઉપર ભુખભુખનાં ડાચાં મારતાં વાસનાની ભુતાવળ, ધર્માત્માના દિલમાં માનવતા ફાલેફુલે છે, અહીં પાસવતાનાં તાંડવ ખેલાય છે. ધર્મિષ્ટ, પાપીષ્ટના માનાપમાનો, સાધન સંપતિનો આધાર સમાજની વત્તા ઓછી સંસ્કાર, અસંસ્કારિતા પર અવલંબે છે. સુખી દુઃખીનાં તોલન તો માનવ કલેજાને કાંટે થાય, સાધનાથી વૈભવ પ્રાપ્તિ મનાય છે. કેટલીકવાર એ પ્રત્યક્ષ પણ જોવાય છે. પણ એ આશિર્ભાવની સાધના ગમે તેવા ઉજવલ નામે સાથે જોડાયેલી હોય તોયે આદરણીય નથી. એથી આત્મિક પ્રગતિનો આંક વધતો નથી. આવી સાધના અધ્યાત્મિક ક્ષેત્રનું સુવર્ણ પિંજર છે. પણ એ અંગે અહીં વધુ વિવેચન ન કરતાં એટલું જ કહું કે, એ ધર્મ તો નથી જ. અધ્યાત્મિક શાંતિના આદર્શને ભુલી તે પોતાના મહાન સાધના બળને વૈભવ વિપુલતાની સંકુચિત કયારીમાં વેડફી દે છે, ઓ ભવ્યાત્માઓ ! ત્હમારા પ્રગતિ બળનો એવા આશિર્ભાવના સંકલ્પમાં ગેર ઉપયોગ ના કરજો."

"ભવ્યતાનાં પુજકો ! છેવટે એટલું યાદ રાખજો રે ! પુરૂષાર્થની જ્યોત જલતી રાખી વિવેક દ્રષ્ટિને આચરણમાં ઉતારવા મથજો, પણ પુરૂષાર્થની મંસાલ નીચે મુકી વિવેક દ્રષ્ટિને ઝીલવા જતાં ગુલામ ન બનશો, પુરૂષાર્થ વિનાની વિવેક દ્રષ્ટિ ગુલામીનું રૂપક જ છે. વિવેક દ્રષ્ટિની પ્રેરણાએ પુરૂષાર્થનાં દિશા ફેરવજો, પુરૂષાર્થને રૂંધશો મા !"

જ્ઞાની નેમ મૌન બન્યા જીવનમાં અજવાળાં પાથરતી ગંભીર વાણી દૂર દૂર પથરાયલો જનસમૂહ એક સરખી સાંભળી રહ્યો. (અપૂર્ણ)

# ભાગાકાર ગુણાકાર

લેખક–બાપુલાલ કાલિદાસ સંઘાણી. "વીરબાલ"

પુ. ગાંધીજીના મંત્રી **શ્રી મહાદેવભાઇ દેશાઈનું** યરવડા જેલમાં તા. ૧૫–૮–૪૨ હૃદય બંધ પડવાથી થયેલું અવસાન ઓછું મર્મ વિદારક નથી. હિંદની રાજકિય પરિસ્થિતિને અંગે તા. ૯ મીએ ગાંધીજી સાથે તેઓ ગિરફ્તાર થયા હતા. અને અઠવાડિયામાં તો આ ગજબ ગુજરી ગયો. પુ. બાપુજીની પ્રતિભામાં એમણે કરેલું આત્મ વિલોપન એ આજના તર્કવાદી યુગમાં અજોડ દૃષ્ટાંત બની રહેશે. પચીશ વર્ષની ઉછળતી યુવાનીમાં એમણે આઝાદીના સાદને માન આપી બાપુજીના ચરણોમાં માથું ઢાળ્યું હતું. બસ પછીથી આજ સુધીની એક પચીશીમાં એ ડોસા અને એ યુવાન વચ્ચે એક નાનો સરખોય વિસંવાદ આપણે નહિ જોઇ શકીએ, પંડિત નહેરૂ અને સરદારનો બાપુજીથી જુદો શુર કલ્પી શકશો. પણ મહાદેવભાઇએ તો બસ બાપુજીનો સાચોજ જમણો હાથ બની જવાનું, અખબારોએ કહ્યું છે તેમ એમની લયલા બની જવાનું, બાપુજીની જલતી જ્યોતના દિવેલ બની જવાનું, પુત્ર, અને ગાંધી રહસ્યના સાચા વારસદાર બની જવામાં જીવન હોમી દીધું, એમનું સામર્થ્ય, તો જેને નવજીવન, હરિજન આદિ અખબારી અને સાહિત્ય ગ્રંથોનો પરિચય છે તેજ પરખી શકશે, બાપુજીની પ્રતિભા, નેતાગીરી, અને માનને એમણે પોતાનાં ગણ્યાં, અલગ જાહેર ખ્યાતિની એમણે તૃષ્ણા ત્યજી હતી, પ્રભુ મહાવીરદેવને પ્રેમભક્તિમાં કૈવલ્ય અને મુક્તિ ઠેલનારો ગૌતમ મળ્યો હતો, બાપુજીને આજે એવોજ આત્મવિલોપન કરનારો મહાદેવ મળ્યો. પ્રભુ જેના આત્માને બાપુજીએ આશિર્વાદ આપ્યા છે એને શાંતિ આપશેજ.

## તિથિચર્ચાને નેવે મુકો.

આ શબ્દો વાંચીને કેટલાક ચમકી ઉઠશે, પણ અખબારોમાં તિથિચર્ચા અંગે આવી રહેલા અહેવાલો ધીરજપૂર્વક વાંચ્યા પછી આવા નિર્ણય ઉપર આવ્યા સિવાય છુટકો નથી, તિથિચર્ચાના સંતોષ કર સમાધાનની આશા મ્હને તો આકાશ કુસુમવત્ લાગી રહી છે.

એક બાજુ કમિટીદ્વારા ઉકેલની વાત નક્કી થઇ છે, છતાં બીજી બાજુ આ વાદવિવાદ અને કાગળના ઘોડાઓની ખાશી લડત જામી રહી છે? પણ આ ઉપરથી બન્ને પક્ષોની મનોદશા કલ્પવાનું જરાય અશકય નથી, બન્ને પક્ષો એમ માનતા હોય કે આપણા પક્ષે ઉકેલ આવશે તો સામાને ઉતારી પાડવા થશે. અને વિરૂદ્ધ પરિણામ આવે તો એના પાલનમાંથી છટકી જવાની બારી

ખોળી રાખવી, જો એ મનોદશા આજે કામ કરી રહી હોય તો તે કમિટિનું નાક કાપવા જેવું થશે. કમિટિને કામ ઉપર ચડતાં પહેલાં મારી સલાહ છે કે, બન્ને પક્ષના તમામ જવાબદાર મુનિરાજો કોઇપણ ઉકેલને વર્તનમાં મુકવાની પ્રતિજ્ઞા ઉપર સહી કરી તૈયારી ન બતાવે તો આ કામ નેવેજ ચડાવી મુકવું સારૂં. વિસંવાદી વાતાવરણ વચ્ચે કમિટિ કામ કરશે તો અવિશ્વાસની વાતો થશે, અને કુસંપનો ઓઘ ઉભરશે, પાછળ બે પક્ષો તો પેલી પ્રતિજ્ઞાપૂર્વકની તૈયારી વિના કાયમ રહેશે. આ કરતાં તો આજેજ તિથિચર્ચાને નેવે મુકી આજથીજ સૌ ફાવતું કરે તો શું બગડી જવાનું છે? ત્રિસ્તુતિક અને ચાર સ્તુતિ વર્ગ વચ્ચેના ભેદ જેવો આ એક બે તેરસ અને બે પુનમનો ભેદ જૈન સમાજના કમનશીબે છો ઉભો થાય અને બે પક્ષ જો અનિવાર્ય હોય તો 'બળતામાંથી કાઢયું એટલું બાપનું' એ દૃષ્ટિએ કુસંપનો રસ્તો છોડી દેવો એ શું ડહાપણભર્યું નથી લાગતું?

# પર્વાધિરાજ—આરાધના

**अमदावाद डेहलाना उपाश्रय.** આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીજી મહારાજ આદિનું ચાતુર્માસ અહિં હોઈ પર્યુષણ પર્વની આરાધના ઘણા જ ઉત્સાહપૂર્વક થતા સાથે સદ્ગત પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયનીતિસૂરિશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી જયાનંદવિજયજી એ એકત્રીસ ઉપવાસના મહાન તપની આરાધના કરી તેઓશ્રીએ ભાદરવા સુદિ ૫ ના નિરવિઘ્ને પારણું કર્યું છે, આ તપના ઉત્સવમાં ડેહલાના ઉપાશ્રયે ભાદરવા સુદિ ૧૪ સુધી અષ્ટાહ્નીકા મહોત્સવ કરી દરરોજ અહિંનાં અને પાટણના શેઠ લક્ષ્મીચંદભાઈ આદિ સંગીતકારોએ રાગ-રાગણીથી જુદાજુદા પ્રકારની પૂજાઓ ભણાવવા સાથે ચાંદીના ત્રણ ગઢ, સમોસરણ, અને પાવાપુરીની રચના કરી દદરોજ શુસોભિત પરમાત્માઓને અંગ-રચનાઓ કરવામાં આવી હતી. ઉપાશ્રય હોલ અને સરિયામને રંગ બેરંગી ધ્વજાઓ અને ઇલેકટ્રીક લાઇટથી સણગારવામાં આવ્યો હતો. વળી મહાવીર જન્મ દિને સુપનના ચઢાવામાં ઘી મણ ૧૩૨૫ થી વધુ થવા સાથે સંવત્સરી દિને બારસા સૂત્રની ઉછામણી શેઠ ચીમનભાઇ લાલભાઇએ બોલી આચાર્યશ્રીને વાંચનાર્થે વરોવ્યું હતું. આ રીતે જ્ઞાન ખાતામાં પણ એકંદર રૂા. ૭૫૦ થી વધુ ઉપજ થવા પામી હતી.

**अमदावाद वीरनो उपाश्रय.** ઉપાધ્યાય શ્રી દયાવિજયજી મહારાજ આદિનું ચાતુર્માસ અહિં હોવાથી પર્યુષણ પર્વમાં વિશેષ ઉત્સાહ હોવાથી શ્રાવણ વદિ

૫ ને રવીવારથી અક્ષયનિધિ તપનો પ્રારંભ થતાં આબાલવૃદ્ધ મળી ૮૩ વ્યક્તિઓ તપમાં જોડાયા હતા. આ તપસ્વીઓનાં એક તો નવ વર્ષનો બાળક હતો. હાલના સંજોગાનુસાર એકાસણાની ટોળીઓબંધ રાખેલ હોવાથી તપસ્વી-ઓની ભક્તીનો લાભ ઘણાઓએ કટાસણા, પ્યાલા, અને શેર શેર સાકરના પડા આદિની લ્હાણીઓ કરી લીધો હતો. અને તપની સમાપ્તિ ભાદરવા સુદિ ૪ ના થઈ હતી. વળી મહાવિર જન્મ દિને સૂપનના ચઢાવાની અને જ્ઞાન દ્રવ્યની ઉપજ સારા પ્રમાણમાં થવા પામી હતી.

**अमदावाद लवारनी पोळनो उपाश्रय.** પન્યાસજી શ્રી દાનવિજયજી મહારાજ આદિનું ચાતુર્માસ અહિ હોઇ પર્યુષણ પર્વની આરાધના ઘણા જ ઉમંગથી થવા સાથે સ્વર્ગસ્થ પૂજ્ય આચાર્યદેવેશ શ્રી વિજયનીતિસૂરિશ્વરજી મહારાજના શિષ્ય મુનિશ્રી ભૂવનવિજયજીએ અઠ્ઠાઇ તપની આરાધના કરી હોવાથી તેના ઉત્સવમાં લવારની પોળના ઉપાશ્રયે ભાદરવા સુદિ ૧૩ થી ભાદરવા વદિ ૫ સુધિનો અષ્ટાહ્નીકા મહોત્સવ કરી દરરોજ જુદાજુદા પ્રકારની ચુનંદા ગવૈયા-ઓએ રાગરાગણીથી પૂજાઓ ભણાવવા સાથે દેરાસરમાં પરમાત્માઓને નવનવા પ્રકારની અંગ રચનાઓ કરાવવામાં આવી હતી. વળી ઉપાશ્રય અને સરીયામને ધ્વજાઓથી શુસોભિત બનાવવામાં આવ્યો હતો. તેમજ મહાવીર જન્મદિને સુપનના ચઢાવામાં બાવીસોથી વધુ મણ ઘીની ઉપજ થવા સાથે જ્ઞાન દ્રવ્યની પણ સારી ઉપજ થવા પામી હતી, અને પારણું મણ ૧૫૧) ના ચઢાવાથી સુરદાસ શેઠની પોળવાળા શેઠ ભીખાભાઈ ન્યાલચંદના ઘેર પધરાવવામાં આવ્યું હતું, વળી આયંબિલની ઓળીના અંગે ઉપદેશ આપતાં ઉદાર ગૃહસ્થોએ ઝડપ ભેર રકમો લખાવતાં સાડાસાત હજારથી વધુ રકમ વ્યાખ્યાનમાં નોંધાઇ ગઇ હતી. આ રીતે એકંદર જનતામાં ઘણો જ સારો ઉત્સાહ હતો.

**अमदावाद सामळानी पोळनो उपाश्रय.** પન્યાસજી શ્રી ઉદયવિજયજી મહા-રાજ આદિનું ચાતુર્માસ અહિ હોઇ પર્યુષણ પર્વની આરાધનમાં ઉત્સાહ હોવાથી શ્રાવણ વદિ ૫ ને રવિવારથી અક્ષયનિધિ તપનો પ્રારંભ થતાં આબાલવૃદ્ધ ૨૬૩ વ્યક્તિઓ તપ આરાધનામાં જોડાયા હતાં, અને તપસ્વીઓમાં ઉત્સાહ સારો હોવાથી હાલના સંજોગાનુસાર એકાસણાની ટોળીઓ બંધ રાખેલ હોવા છતાં તપસ્વીઓની ભકતી અકેક રૂપીઆની, ઝરમર પીતળના વાસણોની અને શેર શેર સાકરના પડા આદિની જુદાજુદા ગૃહસ્થોએ આસરે ત્રીસેક લ્હાણીઓ કરી લાભ લીધો હતો. ઉપરાંત સામુદાયિક લ્હાણીઓ કરવા માટે એક ટીપ થતા તેમાં પણ આસરે આઠસોની રકમ થવા પામી હતી. ભાદરવા સુદિ ૪ના તપની સમાપ્તિ કરવામાં આવી હતી. વળી મુનિશ્રી નિપુણવિજયજીએ અઠ્ઠાઈ તપની આરાધના કરેલ હોવાથી પોળના આગેવાનો તરફથી તેના ઉત્સવ અંગે

ભાદરવા સુદિ ૬ થી સુદિ ૧૩ સુધી અષ્ટાહ્નીકા મહોત્સવ કરી દરરોજ જુદાજુદા પ્રકારની ઉમદા ગવૈયાઓએ રાગરાગણીથી પૂજાઓ ભણાવવા સાથે દેરાસરમાં પરમાત્માઓને નવનવા પ્રકારની અંગ રચનાઓ કરવવામાં આવી હતી. સામળાની પોળનો નવો ઉપાશ્રય હોવાથી પોળમાં ઉત્સાહ ઘણોજ સારો હતો.

**राधनपुर.** પન્યાસ શ્રી લાભવિજયજી, મુનિ રવિવિજયજી અને મુનિ પ્રકાશવિજયજીનું ચાતુર્માસ હોઇ પર્યુષણ પર્વની આરાધનામાં ઉત્સાહ સારો હતો. તેમજ ચોસઠ પહોરના પોસર થયા હતા, વળી તપસ્વીઓને રોકડ નાણાની પ્રભાવનાઓ કરવામાં આવી હતી. મહાવીર જન્મદિને સૂપનના ચઢાવાની અને જ્ઞાન દ્રવ્યની પણ ઉપજ સારી થવા પામી હતી. આ રીતે જનતામાં ઉત્સાહ સારો હતો. પરંતુ કહેવાતા શાસનપક્ષવાળાઓએ મુનિઓની હાજરી હોવા છતાં કલ્પસૂત્ર મુનિઓ પાસે ન સાંભળતાં સુખબોધિકા જૈનશાળાએ શ્રાવકોએ એકઠા થઈ વાંચેલ હતી. આ રીતે મુનિ પાસે કલ્પસૂત્ર જેવું મહાન સૂત્ર સાંભળવાનો પણ તિથિ ભેદના અંગે તેઓએ બહિષ્કાર કર્યો હતો અને કેટલાક ભોળાઓને મુનિઓનું વ્યાખ્યાન સાંભળતાં અટકાવવા પણ પ્રયત્નો કર્યા હતા. છતાં પણ ઉપાશ્રય ઉભરાઇ રહેતો હતો. આવી પ્રવૃતિથી તેઓ શાસન પ્રેમી કહેવાય કે શાસન દ્રોહી?

ભાદરવા સુદિ ૧૪ ના સહવારના સાડા નવ વાગે પન્યાસજી શ્રી લાભવિજયજી મહારાજના પ્રમુખપણા નીચે શ્રીમદ વિજયધર્મસૂરીજી મહારાજની જયંતિ ઉજવવામાં આવી હતી. હોલ તથા સરિયામને વિજયપતાકાથી સુશોભિત બનાવવામાં આવ્યો હતો. પ્રારંભમાં અધ્યક્ષસ્થાને મંગળાચરણ કર્યા બાદ વકીલ છોટાલાલ, વકીલ પ્રભુલાલ, અને મી. મનુભાઇ આદિ વક્તાઓએ સદ્ગતના જીવન ઉપર સુંદર પ્રકાશ પાડી સભાજનોને પરિચીત કર્યા હતા, તેમજ શ્રી શાન્તિનાથના જિનાલયે આકર્ષક આંગી રચાવવામાં આવી હતી.

**साबरमति रामनगरनो उपाश्रय.** પન્યાસ શ્રી મંગળવિજયજી મહારાજ આદિનું ચાતુર્માસ હોઇ પર્યુષણ પર્વની આરાધના સારા પ્રમાણમાં થવા સાથે આચાર્યદેવ શ્રી વિજયહર્ષસુરીજી મહારાજના પ્રશિષ્ય મુનિશ્રી ભરતવિજયજીએ ત્રેત્રીસ ઉપવાસના મહાન તપની આરાધના કરી સુખસાતાપુર્વક ભાદરવા સુદિ ૧૨ ના નિરવિઘ્ને પારણું કરેલ છે. આ મહાન તપના ઉત્સવમાં રામનગરના શ્રાવકોએ ભાદરવા સુદિ ૬ થી સુદિ ૧૪ સુધીનો અષ્ટોતરી મહાપૂજા સાથેનો અષ્ટાહ્નીકા મહોત્સવ કરી ભાદરવા સુદિ ૯ કુંભ સ્થાપના, સુદિ૧૧ જળયાત્રા, સુદિ ૧૨ નવગ્રહ અને દશ દિગપાલ પુજન, સુદિ ૧૩ અષ્ટોતરી પુજા અને સુદિ ૧૪ અષ્ટાહ્નીકા મહોત્સવની સમાપ્તિ રાખી દરરોજ જુદાજુદા પ્રકારની ચુનંદા ગવૈયાઓએ રાગરાગણીથી પૂજાઓ ભણાવવા સાથે પરમાત્માઓને અંગ રચનાઓ

શુસોભિત રીતે કરાવવામાં આવી હતી. દેરાસર, ઉપાશ્રય અને સરિયામને ધ્વજ-પતાકાઓથી સણગારવામાં આવ્યા હતા. વળી અષ્ટોતરીપૂજાના રોજ અમદાવાદથી આચાર્યશ્રી વિજયહર્ષસૂરીજી મહારાજ શિષ્યો સાથે આગેવાનોની વિજ્ઞપ્તિથી પધાર્યા હતા અને તેથી સંઘમાં ઘણોજ આનંદ છવાઇ રહ્યો હતો.

**પાટણ** મુનિશ્રી ભૂવનવિજયજી મહારાજ આદિનું ચાતુર્માસ ખેતરવસીના પાડાના ઉપાશ્રયે હોઇ પર્યુષણ પર્વની આરાધના ઘણાજ ઉત્સાહથી થવા સાથે મુનિ શ્રી ચિદાનંદવિજયજીએ અઠ્ઠાઈ તપની આરાધના કરેલ હોવાથી તે ઉત્સ-વના અંગે પાડાના આગેવાનો તરફથી ઉપાશ્રયમાં ભાદરવા સુદિ ૬ થી સુદિ ૧૫ સુધીનો અષ્ટાહનીકા મહોત્સવ રાખી દરરોજ ચુનંદા ગવૈયાઓએ જુદા જુદા પ્રકારની પૂજાઓ રાગ રાગણીથી ભણાવવા સાથે પરમાત્માઓને નવનવા પ્રકારની અંગ રચનાઓ આકર્ષક રીતે કરાવવામાં આવી હતી. સમાપ્તિના દિને હીરા મોતીના દાગીનાઓની ઘણીજ ભભકાદાર આંગી રચાવવામાં આવી હતી. વળી સુદિ ૧૧ ના દિને રથયાત્રા ઘણીજ ધામધૂમપૂર્વક કાઢવામાં આવી હતી, રથયાત્રામાં પ્રભુના ચાર ચાંદીના રથ, હાથી ઉપરાંત સાસઠ ઉપરાંત સાબેલા-ઓથી અનહદ શોભા આવી હતી. વળી મહાવીર જન્મ દિને સૂપનના ચઢાવ-વામાં ૮૫૦) મણ ઘીની ઉપજ થવા સાથે જ્ઞાન દ્રવ્યની પણ સારી ઉપજ થઇ હતી, આ પ્રસંગથી કેટલાક વખત થયા પોળના લોકોમાં જે ઉદાસીનભાવ રહેતો હતો તેમાં ઘણોજ ઉત્સાહ વધી ગયો હતો.

મુદ્રક:-હીરાલાલ દેવચંદ શાહ. "શારદા મુદ્રણાલય." જુમામસ્જીદ સામે-અમદાવાદ
પ્રકાશક: / ભોગીલાલ સાંકળચંદ શેઠ. "જૈનધર્મ વિકાસ" ઓફિસ જૈનાચાર્ય વિજયનીતિસૂરીશ્વરજી વાંચનાલય. ૫૬/૧ ગાંધીરોડ-અમદાવાદ.

# જગદ્ગુરૂ જયંતિ મહોત્સવ

**અમદાવાદ.** ભાદરવા સુદિ ૧૧-૧૨ એમ બે દિવસનો કાર્યક્રમ રાખી સદ્ગત જૈનાચાર્ય શ્રી વિજયનીતસૂરિશ્વરજી મહારાજના મુનિ સમુદાય તરફથી ડેહલાના અને વીરના ઉપાશ્રયે જગતવંદનીય જગદ્ગુરૂ શ્રીમદ્ હીરવિજયજી મહારાજની જયંતિ ઉજવવા બન્ને દિવસ સહવારના સાડાનવ વાગે સભા રાખવામાં આવી હતી. પ્રારંભમાં આચાર્યશ્રી વિજયહર્ષસૂરિજી મહારાજે મંગળાચરણ કરી આચાર્યદેવના બાળ વયથી માંડીને આચાર્ય પદ સુધિની હકીકત જણાવ્યા બાદ ઉપાધ્યાય શ્રી દયાવિજયજી, કવી ભોગીલાલ રતનચંદ, પંડિત મફતલાલ, શેઠ મુલચંદભાઇ વૈરાટી, પન્યાસ શ્રી કલ્યાણવિજયજી. મુનિશ્રી વિદ્યાવિજયજી મુનિશ્રી રામવિજયજી, મુનિશ્રી ચરણવિજયજી, મુનિશ્રી અસોકવિજયજી, મી. લક્ષ્મીચંદ પ્રેમચંદ, ઉદયપુરવાળા રૂપલાલજી બનોરીયા આદિ વક્તાઓએ જગદ્ગુરૂ હિરવિજયસૂરીજીના જીવનના જુદાજુદા પ્રસંગો બાદ પોતાની છટાદાર ભાષણમાં વક્તવ્ય કરી સભાજનોને પરિચીત કર્યા હતા. અંતમાં આચાર્ય શ્રી વિજયહર્ષસૂરીજીએ ઉપસંહાર કરી સભાની સમાપ્તિ કરવામા આવી હતી. તેમજ વ્યાખ્યાન હોલને અને સરિયામને ધ્વજપતાકાઓથી સણુગારવા સાથે બન્ને સ્થળે તે દિવસે પૂજાઓ પણ રાગરાગણીથી ભણાવવા સાથે પરમાત્માઓને અંગરચના પણ કરાવવામાં આવી હતી.

**રાધનપુર** ભાદરવા સુદિ ૧૧ ના સહવારના નવ વાગે સાગરના ઉપાશ્રયે પન્યાસ શ્રી લાભવિજયજી મહારાજના અધ્યક્ષસ્થાને જગદ્ગુરૂની જયંતિ ઉજવવામાં આવી હતી, વ્યાખ્યાન હોલ તથા સરિયામને વિજયપતાકાઓથી સણુગારવામાં આવ્યો હતો અને હોલ ખીચોખીચ ભરાઇ ગયો હતો. પ્રારંભમાં પન્યાસજી મહારાજે મંગળાચરણ કર્યા બાદ મુનિ શ્રી રવિવિજયજી, મુનિ શ્રી પ્રકાશવિજયજી, મી. મનુભાઈ, વકીલ પ્રભુલાલ, વકીલ છોટાલાલ અને વકીલ બાપુલાલ આદિ વક્તાઓએ જગદ્ગુરૂ શ્રીમદ્ હિરવિજયસૂરિશ્વરજી મહારાજના જીવનના જુદા જુદા દ્રષ્યો લઇ દરેકે પોતપોતાની છટાદાર ભાષામાં વકત્વય કર્યા હતાં. તેમજ શ્રી શાન્તિનાથજીના દેરાસરે પૂજા ભણાવવાનું અને આંગી રાખવા ઉપરાંત શ્રી નેમેશ્વરજી ભગવાનના જિનાલયે શ્રીમદ્ જગદ્ગુરૂની મૂર્તિને આકર્ષક અંગરચના કરાવવામાં આવી હતી.

---

## સુધારો

જૈન ધર્મ વિકાસના ગત અંકના પૃષ્ઠ ૩૨૯ માં "કલમનાં નખરાં" ના હેડીંગ નીચે જે સમાચાર આવેલ છે. તે હેડીંગના બદલે "ચતુર્વિધ સંઘના કદમે કદમે" એ હેડીંગ સમજવું. સદર હેડીંગ પૃષ્ઠ ૩૩૧ ના લેખનું હતું. પરંતુ સરતચૂકથી પૃષ્ઠ ૩૨૯ના લેખમાં હેડીંગ મૂકાઇ ગયુ હતું માટે પૃષ્ઠ ૩૨૯ વાળા લેખનું હેડીંગ "ચતુર્વિધ સંઘના કદમે કદમે" સમજવું.

"તંત્રી"

## વાંચકોને !

માસિકના નમુનાનો અંક આપને મોકલવામાં આવે છે. આપશ્રીને અવલોકન કરતાં જો એ સંતોષ આપવામાં સફળ નીવડે તો આશા છે કે, વાર્ષિક લવાજમ સ્થાનિકના રૂા. ૨-૮-૦ અને બહારગામના (પોસ્ટેજ સાથે) રૂા. ૩-૦-૦ મોકલી આપશ્રી માસિકના ગ્રાહક તરીકે નામ નોંધાવશો.

લવાજમ મોડામાં મોડા આવતી સુદિ ૧૫ સુધી મોકલી આપશો. કે જેથી વી. પી. થી મોકલતાં વધુ ખર્ચ ન થાય, છતાં જણાવશો તો વી. પી. કરવામાં આવશે.

ગામ પરગામ વિચરતા પૂજ્ય મુનિવરો માસિકનો પ્રચાર કરી, નવા વાંચન-રસિક ગ્રાહકો નોંધાવી, માસિકને પ્રોત્સાહન આપશે, એવી અમે આશા રાખીએ છીએ.

કોઇ પણ સામાજીક સંસ્થાઓ કે પૂજ્ય મુનિગણને અમો, મફત કે ઓછા દરથી માસિક આપી શકીએ તેમ નથી, એ સૂચન થાય.

નમુનાની નકલ મંગાવવાથી મોકલી આપવામાં આવશે. "તંત્રી"

---

## ગ્રા....હ....કો....ને વિ....ન....વ....ણી.

ગતાંકમાં સૂચવ્યા મુજબ માસિકના ગ્રાહકોને ક્રાઉન ૧૬ પેજી ૩૪૦ થી વધુ પાનાના છ પુસ્તકો ભેટ મોકલવાના શરૂ થયેલ છે. માટે સ્થાનિકે રૂા. અઢી, અને બહારગામવાળાએ રૂા. ત્રણ લવાજમના શ્રાવણ સુદિ ૧૫ સુધિમાં મોકલી મંગાવી લેવા ત્યારબાદ વી. પી. થી મોકલાશે.

૧ સપ્તતિશતસ્થાન પ્રકરણ, ૨ વાક્ય પ્રકાશ, ૩ પ્રાકૃત લક્ષણ, ૪ સઝાય સંગ્રહ, ૫ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ૧૨ મો સ્વાર્ગારોહણ મહોત્સવ. ૬ ચોવીસ જીન કલ્યાણક ચૈત્યવંદન.

---


# તપાગચ્છ પટ્ટાવલી

## સાહિત્યરસિક જનતાને ખાસ તક

### ઉપાધ્યાય શ્રીમદ્ ધર્મસાગરજી વિરચિત—

**તપાગચ્છ પટ્ટાવલી**:—સંપાદક, પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજ. છપાઈને તૈયાર થઇ પ્રસિદ્ધ થઈ ચુકેલ છે, આ ગ્રંથમાં પ્રભુશ્રી મહાવીરદેવની પાટપરંપરાએ થયેલા આચાર્યાદિ સાથે શાસનપ્રસિદ્ધ અન્ય મહાપુરૂષોનું ઐતિહાસિક દ્રષ્ટીએ ઉપયોગી સાહિત્ય આપવામાં આવ્યું છે.

ક્રાઉન આઠ પેજી ૩૫૦ પૃષ્ઠના, શોભિત ફોટાઓ, અને પાકુ પુંઠું (જેકેટ) સાથેના આ ગ્રંથનું મુલ્ય માત્ર રૂા. ૧-૮-૦. પોસ્ટેજ જુદું.

લખો—**જૈન ધર્મ વિકાસ ઓફિસ**, ૫૬૧૧ ગાંધી રોડ, **અમદાવાદ.**


ટાઈટલ છાપનાર : શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા. જુમામસીદ સામે-અમદાવાદ.